dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 182 | AD - 2026, Chaitra Vad - 07 | Thursday, Dt. 09-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ઈરાને અમેરિકા સામે રજૂ કરેલી મોટાભાગની શરતો માનવામાં આવી

# ઈરાન-અમેરિકા વચ્ચે ઐતિહાસિક યુધ્ધ વિરામ : હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા સંમતિ

વોશિંગ્ટન,તા.૦૮

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ તણાવ વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નિર્ધારિત સમયમર્યાદાના દોઢ કલાક પહેલા જ ઈરાન સાથે યુધ્ધવિરામની જાહેરાત કરી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પુષ્ટિ કરી છે કે ઈરાન સાથેના તમામ વિવાદિત મુદ્દાઓ પર સમજૂતી થઈ ગઈ છે અને આગામી બે અઠવાડિયામાં આ ડીલને આખરી ઓપ આપવામાં આવશે.

આ સમજૂતીનો સૌથી મહત્વનો ભાગ 'હોર્મુઝ સ્ટ્રેટ' છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગને ફરીથી ખોલવા માટે તૈયાર થયું છે. ટ્રમ્પે વધુમાં જણાવ્યું હતું કે, અમેરિકાએ તેના તમામ લશ્કરી લક્ષ્યો પ્રાપ્ત કરી લીધા છે અને ઈરાન તરફથી મળેલો ૧૦-મુદ્દાનો પ્રસ્તાવ વાટાઘાટો માટે વ્યવહારુ આધાર પૂરો પાડે છે. વ્હાઈટ હાઉસની જાહેરાત બાદ ઈરાનના વિદેશ પ્રધાન અરાઘચીએ પણ આ અંગે પુષ્ટિ કરી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે જો તેમની શરતો માનવામાં આવે, તો ઈરાન બે અઠવાડિયા માટે હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત માર્ગ આપશે. ઈરાની મીડિયા અને સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ અનુસાર, ભવિષ્યમાં ઈરાન પર કોઈ હુમલો નહીં કરવાની આંતરરાષ્ટ્રીય ખાતરી, હોર્મુઝ સ્ટ્રેટ પર નિયંત્રણ, માર્ગ ખુલ્લો રહેશે પરંતુ તેના પર





ઈરાનનું સાર્વભૌમત્વ રહેશે. યુરેનિયમ સંવર્ધનને સત્તાવાર મંજૂરી. પ્રઈરાન પર લાદવામાં આવેલા તમામ પ્રાથમિક પ્રતિબંધો અને યુએનના ઠરાવો રદ કરવા, વળતરની માંગ, યુધ્ધમાં થયેલા માળખાકીય નુકસાન માટે અમેરિકા દ્વારા વળતરની ચુકવણી, સૈન્ય વાપસી,ગલ્ફ ક્ષેત્રમાંથી યુએસ લશ્કરી થાણાઓ બંધ કરવા અને દળોને પાછા ખેંચવા, પ્રાદેશિક શાંતિ, લેબનોન (હિઝબુલ્લાહ) અને ગાઝામાં ચાલી રહેલી દુશ્મનાવટનો તત્કાલ અંત, આ આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં ચીન 'સાઈલેન્ટ હીરો' તરીકે ઉભરી આવ્યું છે. ટ્રમ્પે પોતે સ્વીકાર્યું છે કે ચીને ઈરાનને વાટાઘાટોના ટેબલ પર લાવવા માટે સખત મહેનત કરી છે. ચીની અધિકારીઓએ ઈરાનને આર્થિક વિનાશથી બચવા માટે 'લવચીકતા' બતાવવા વિનંતી કરી હતી. બીજી તરફ, પાકિસ્તાને મધ્યસ્થી તરીકે મહત્વની ભૂમિકા ભજવી છે. વડાપ્રધાન શાહબાઝ શરીફે ટ્રમ્પ અને ઈરાની નેતાઓ વચ્ચે કડી તરીકે કામ કર્યું હતું. હવે પછીની ઉચ્ચ સ્તરીય વાટાઘાટો પણ પાકિસ્તાનમાં યોજાય તેવી શક્યતા છે. ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ સૈયદ મોજતબા ખામેનીએ આ પ્રસ્તાવને મંજૂરી આપી છે. ઈરાની સુરક્ષા પરિષદે તેને 'ઐતિહાસિક અને કારમી હાર' ગણાવી છે. તેમણે નિવેદન જારી કર્યું હતું કે અમેરિકા ઈરાનની મિસાઈલ અને ડ્રોન શક્તિને ખતમ કરવામાં નિષ્ફળ રહ્યું છે અને અંતે શરણાગતિ સ્વીકારીને ઈરાનની શરતો માનવા મજબૂર થયું છે.

# ભારત-ઈરાન વચ્ચે ક્રૂડ ઓઈલની નવી શરૂઆત, ચીન જતુ જહાજ પરત ફર્યુ

નવી દિલ્હી,તા.૦૮

મધ્ય પૂર્વના અશાંત વાતાવરણ અને વૈશ્વિક સપ્લાય ચેઈનના સંકટ વચ્ચે ભારત માટે અત્યંત આશાસ્પદ અને રાહતના સમાચાર સામે આવ્યા છે. લગભગ સાત વર્ષના લાંબા વિરામ બાદ ઈરાનથી ભારતને ક્રૂડ ઓઈલનો પુરવઠો ફરી શરૂ થવા જઈ રહ્યો છે. આ આર્થિક અને વ્યૂહાત્મક ઘટનાક્રમમાં સૌથી રસપ્રદ વળાંક એ છે કે જે ક્રૂડ ઓઈલનો જથ્થો અગાઉ ચીન તરફ જઈ રહ્યો હતો, તેણે હવે ભારત તરફ પોતાનો રસ્તો ફેરવ્યો છે. શિપિંગ ડેટા અનુસાર 'જયા' નામનું એક વિશાળ ક્રૂડ



ટેન્કર, જે પહેલા દક્ષિણ-પૂર્વ એશિયા થઈને ચીન જવાનું હતું, તે હવે ભારતના પૂર્વી તટ તરફ આગળ વધી રહ્યું છે. આ ફેરફાર સ્પષ્ટપણે સૂચવે છે કે ભારત પોતાની ઉર્જા સુરક્ષા માટે નવા અને સસ્તા વિકલ્પો શોધી રહ્યું છે. ભારતની સૌથી મોટી સરકારી તેલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) દ્વારા આ ક્રૂડની ખરીદી કરવામાં આવી હોવાનું મનાય છે. વર્ષ ૨૦૧૯માં અમેરિકાએ ઈરાન પર કડક પ્રતિબંધો લાદ્યા બાદ ભારતે આયાત બંધ કરવી પડી હતી, પરંતુ હવે 'જયા' અને 'જોર્ડન' જેવા ટેન્કરોનું ભારત આગમન એક નવા ટ્રેન્ડના સંકેત આપે છે. જો આ પ્રક્રિયા સ્થિર રહેશે, તો રશિયા પછી ઈરાન પણ ભારત માટે સસ્તું ક્રૂડ પૂરું પાડતો મહત્વનો ભાગીદાર બની શકે છે. આ પગલાથી ભારતની સાઉદી અરેબિયા અને ઈરાક જેવા દેશો પરની નિર્ભરતા ઘટશે અને ઘરેલું બજારમાં ઈંધણના ભાવ સ્થિર રાખવામાં મદદ મળશે. ભારતનો આ નિર્ણય વૈશ્વિક મંચ પર તેની સ્વાયત્ત વિદેશ નીતિ અને આર્થિક હિતોને પ્રાધાન્ય આપવાની ક્ષમતા દર્શાવે છે.

# ગુજરાતીઓને અભણ કીધા બાદ કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ સોશિયલ મીડિયા પર માફી માગી


**ખડગેના નિવેદનનો ગુજરાતમાં જોરદાર વિરોધ થઈ રહ્યો છે**

નવી દિલ્હી,તા.૦૮

કેરલમ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ના પડઘમ વાગી રહ્યા છે ત્યારે રાજકીય માહોલ ગરમાયો છે. આગામી ૯ એપ્રિલના રોજ મતદાન યોજાવાનું છે, તે પૂર્વે જ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના એક વિવાદાસ્પદ નિવેદને મોટો વિવાદ છેડ્યો છે. ગત ૫ એપ્રિલે



કેરલમમાં એક જાહેર સભાને સંબોધિત કરતી વખતે ખડગેએ ગુજરાતી પ્રજાને 'અશિક્ષિત અને અભણ' ગણાવી હતી. તેમણે વડાપ્રધાન મોદી અને કેરલમના મુખ્યમંત્રી પિનારાયી વિજયન પર પ્રહાર કરતા કહ્યું હતું કે તેઓ ગુજરાતની અભણ જનતાને મૂર્ખ બનાવી શકે છે, પરંતુ કેરલમના શિક્ષિત લોકોને ગેરમાર્ગે દોરવા શક્ય નથી. આ નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થતા જ ગુજરાતની જનતામાં રોષ ફાટી નીકળ્યો હતો. આ વિવાદાસ્પદ ટિપ્પણી બાદ ભારતીય જનતા પાર્ટી અને આમ આદમી પાર્ટી સહિતના અનેક રાજકીય આગેવાનોએ ખડગેની આકરી ટીકા કરી હતી. ભાજપે તેને ગુજરાતની અસ્મિતા અને ગૌરવનું અપમાન ગણાવ્યું હતું. વધતા જતા વિરોધ અને રાજકીય દબાણને જોતા અંતે મલ્લિકાર્જુન ખડગેએ નમતું જોખ્યું છે અને પોતાના નિવેદન બદલ માફી માગી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર સ્પષ્ટતા કરતા લખ્યું કે તેમના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે, તેમ છતાં જો કોઈની લાગણી દુભાઈ હોય તો તેઓ દિલગીરી વ્યક્ત કરે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે ગુજરાતના લોકો પ્રત્યે તેમને હંમેશા માન રહ્યું છે અને કોઈનું અપમાન કરવાનો તેમનો હેતુ નહોતો. જોકે, ચૂંટણીના ટાણે આ પ્રકારના નિવેદનો વિપક્ષ માટે મુશ્કેલી ઊભી કરી શકે છે.




### ભારત અને અમેરિકા વચ્ચેના સબંધોને વધુ મજબૂત કરવા માટે

# અમેરિકાના રાજદૂતની રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે મુલાકાત

વોશિંગ્ટન,તા.૦૮

ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત અને ગાઢ બનાવવા માટે હાલમાં વૈશ્વિક સ્તરે મોટા પાયે હલચલ જોવા મળી રહી છે. બંને લોકશાહી દેશો વચ્ચેના તણાવને દૂર કરી સહયોગના નવા દ્વારા ખોલવા માટે ઉચ્ચ સ્તરીય બેઠકોનો દોર શરૂ થયો છે. તાજેતરમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરી હતી, જે આગામી સમયમાં બંને દેશોના સંબંધો માટે નિર્ણાયક સાબિત થઈ શકે તેમ છે. આ મુલાકાત બાદ ગોરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોતાના અનુભવો શેર કરતા જણાવ્યું હતું કે પ્રમુખ ટ્રમ્પ વિશ્વમાં સ્થિરતા લાવવા માટે અત્યંત મક્કમ છે અને ભારત સાથેના સંબંધોનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ છે. ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરી વોશિંગ્ટન ડીસી પહોંચ્યા છે. તેમની મુલાકાતનો મુખ્ય એજન્ડા દ્વિપક્ષીય વેપારમાં વૃદ્ધિ, સંરક્ષણ ક્ષેત્રે સહયોગ અને પશ્ચિમ એશિયાના વર્તમાન સંકટ અંગે ચર્ચા કરવાનો છે. છેલ્લા કેટલાક સમયથી ટેરિફ અને વ્યાપારી નીતિઓને કારણે બંને દેશો વચ્ચે જે વૈચારિક મતભેદો ઉભા થયા હતા, તેને ઉકેલવા માટે બંને પક્ષો હવે ગંભીર જણાતા હોય તેમ લાગે છે. આ મડાગાંઠ ઉકેલવા માટે સર્જિયો ગોરે અમેરિકાના વાણિજ્ય મંત્રી હાવર્ડ લુટનિક સાથે પણ એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

## ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.

International Year of Cooperatives 2025

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ-ઓફિસ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨-૨૨૨૬૦૧
ઇ-મેઇલ : ho@ajmsbank.com • વેબસાઈટ : www.ajmsbank.com

### -:: ટેન્ડર નોટીસ ::-

**'ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.' ની મોટા ઉજળા શાખા માટે બેંક બિલ્ડીંગ બાંધવા માટે સક્ષમ કોન્ટ્રાકટરો પાસેથી લેબરકામ માટેના ટેન્ડરો મંગાવવામાં આવે છે.**

» ટેન્ડર ફી રૂા.૫૦૦/- રોકડા (નોન રેફંડેબલ) ચુકવી કોરા ટેન્ડરો નીચેના કામ માટે મેળવવાના રહેશે.
» લેબરકામના કોરા ટેન્ડરો ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. 'ભોજલરામ ભવન' , રાજમહેલ રોડ, હેડ ઓફિસ, અમરેલી મુકામે જનરલ મેનેજર (સી.ઈ.ઓ.) પાસેથી રજાના દિવસો સિવાય તા.૦૯/૦૪/૨૦૨૬ થી તા. ૨૦/૦૪/૨૦૨૬ દરમ્યાન મેળવી લેવાના રહેશે.
» ભરેલ ટેન્ડરો તા.૨૭/૦૪/૨૦૨૬ સુધીમાં બપોરના ૪/૦૦ કલાક સુધીમાં ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. 'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ ઓફીસ, અમરેલી ખાતે રૂબરૂ આપવાના રહેશે.
» સદર કામના જરૂરી પુરાવા જેવા કે, તાજેતરનું આધાર કાર્ડ, પાન કાર્ડ તથા અનુભવના સર્ટીફીકેટસ વિગેરે ટેન્ડર સાથે સીલ બંધ કવરમાં મોકલવાના રહેશે.

**નોંધ :-** ટેન્ડર કે ટેન્ડરનો કોઈપણ ભાગ વગર કારણ આપ્યે મંજુર કે નામંજુર કરવો તેનો હકક ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નો અબાધીત રહેશે.

| કામનું નામ | બાંધકામનો અંદાજીત ક્ષેત્રફળ | ટેન્ડર ફી | કામનું સ્થળ |
|---|---|---|---|
| મોટા ઉજળા શાખાના બેંક બિલ્ડીંગનું કામ | ૨૮૭.૭૨ ચોરસ મીટર | ૫૦૦/- | મુ. મોટા ઉજળા, તા.કુંકાવાવ જી.અમરેલી |

સહિ
(બી.એસ. કોઠીયા)
જનરલ મેનેજર (સી.ઇ.ઓ.)
ધી અ.જી.મ.સ.બેંક લી., અમરેલી.



સંજોગ ન્યૂઝ

# આપણું અમરેલી

02

ગુરુવાર, તા.૦૯-૦૪-૨૦૨૬

## બગસરામાં નવ નિયુક્ત પીઆઈનું શહેર ભાજપ દ્વારા સન્માન કરાયુ

બગસરા,તા.૦૮

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈને અમરેલી જિલ્લામાંથી અનેક પોલીસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે તો અનેક નવા પીઆઈને જિલ્લામાં નિમણૂંક આપવામાં આવી છે. જેમાં બગસરાના પીઆઈ તરીકે વી.કે. ગોલવેલકરે ચાર્જ સંભાળતા શહેર ભાજપના આગેવાનો દ્વારા નવ નિયુક્ત પીઆઈનું સન્માન કરવામાં આવ્યુ હતુ. બગસરા પોલીસ સ્ટેશનમાંથી આઈ.જે.ગીડાની બદલી થતા તેમની જગ્યાએ પીઆઈ તરીકે ચાર્જ સંભાળનાર વી.કે. ગોલવેલકરનું શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામ સાદરાણી, મહામંત્રી પ્રવિણ બોરડ, પૂર્વ પાલિકા પ્રમુખ એ.વી.રીબડીયાએ શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ. આગેવાનોએ શહેરના ગંભીર પ્રશ્નો જેવા કે ટ્રાફિક સમસ્યા, અસામાજિક તત્વોનો ત્રાસ, રોમિયોગીરી સહિતના પ્રશ્ને પીઆઈને રજૂઆત કરી હતી. આ અંગે પીઆઈ ગોલવેલકરે તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવી અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવાની બાંહેધરી આપી હતી. બગસરાના નવ નિયુક્ત પીઆઈ શહેરમાં કેવી કાર્યવાહી કરે છે તે જોવાનુ રહ્યુ.



## સાવરકુંડલામાં સિંહબાળનું મોત થતા વન વિભાગની કામગીરી સામે સવાલો

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લાના ગીર પૂર્વ વિભાગ હેઠળની સાવરકુંડલા રેન્જના રેવન્યુ વિસ્તારમાં બે થી ત્રણ વર્ષના એક સિંહબાળનું બીમારીના કારણે મૃત્યુ થયું છે. વન વિભાગની પ્રાથમિક તપાસમાં આ સિંહબાળ ફેફસાંની બીમારીથી પીડાતું હોવાનું બહાર આવ્યું છે. ઉનાળાની શરૂઆતમાં જ બનેલી આ ઘટનાએ સિંહોના મોનિટરિંગ અને ડી-વૉર્મિંગની પ્રક્રિયામાં રહેલી ક્ષતિઓ પર ફરીથી પ્રકાશ પાડ્યો છે. ગત વર્ષે પણ ખાંભા અને રાજુલા જેવા વિસ્તારોમાં સિંહોના બીમારીથી મોત થયા હતા, જેમાં સિંહબાળોનો મૃત્યુદર વધુ હોવો એ વન્યજીવ પ્રેમીઓ માટે ચિંતાનો વિષય છે. તંત્ર દ્વારા આ બાબતને ગુપ્ત રાખવાના પ્રયાસો વચ્ચે સિંહોના આરોગ્ય માટે નક્કર પગલાં લેવા અનિવાર્ય બન્યા છે.



## મોટા ગોખરવાળા આયુષ્યમાન આરોગ્ય મંદિરને રાષ્ટ્રીય કક્ષાનું સર્ટિફિકેટ મળ્યું

મોટા ગોખરવાળા,તા.૦૮

મોટા ગોખરવાળાના આયુષ્યમાન આરોગ્ય મંદિરને નેશનલ ક્વોલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડનું સર્ટિફિકેટ મળેલ છે. આ આરોગ્ય મંદિરના ઓનલાઈન એસેસમેન્ટેમાં ૯૦ ટકા સાથે પાસ થયેલ છે. આ સર્ટિફિકેટ ત્રણ વર્ષ માટે હોય છે. આ કાર્ય તાલુકા હેલ્થ ઓફિસર ડો. આર. કે. ભટ્ટ, વાંકિયાના મેડિકલ ઓફિસર ડો. મિહિર મહેતા અને આ. મેડિકલ ઓફિસર ડો. કિરણબેન શેલડિયાના માર્ગદર્શનમાં તમામ સ્ટાફની મહેનતના આધારે મળેલ છે.



## અ.જિ.મ.સ. બેન્ક કુંકાવાવ શાખાના સિનિયર ઓફિસરનો નિવૃત્તિ સમારંભ

બગસરા,તા.૦૮

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિમિટેડની કુંકાવાવ શાખાના સિનિયર ઓફિસર અરવિંદભાઈ કાનાણીનો નિવૃત્તિ વિદાય સમારંભ તારીખ ૬ ના રોજ ચારણ પીપળી ગામે કિશોરભાઈ કાનાણીના નિવાસસ્થાને ભાવસભર વાતાવરણમાં યોજાયો હતો. આ પ્રસંગે સમસ્ત ચારણ પીપળી ગામ, બગસરા તાલુકાની વિવિધ સેવા સહકારી મંડળીઓ અને મધ્યસ્થ બેંકની શાખાઓ દ્વારા તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બગસરા યાર્ડના પૂર્વ ચેરમેન કાંતિભાઈ સતાસિયા, બેંકના ડિરેક્ટર હરેશભાઈ પટોળીયા, ખેડૂત મંડળીના પ્રમુખ ભાવનાબેન સતાસિયા અને સિનિયર ઓફિસર હિતેશભાઈ સભાયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

બગસરા તાલુકાની તમામ સહકારી મંડળીઓના પ્રમુખો, મંત્રીઓ અને બેંક સ્ટાફે અરવિંદભાઈની સેવાઓને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિવલાલભાઈ ઉંમરે કુશળતાપૂર્વક કર્યું હતું. આ સમારોહને સફળ બનાવવા માટે ચારણ પીપળી મંડળીના પ્રમુખ ગોરધનભાઈ કાનાણી, ઉપપ્રમુખ ઘુસાભાઈ ચોવટીયા, મંત્રી ઝવેરભાઈ કાનાણી, સરપંચ બાબુભાઈ તથા ગ્રામીણ આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.



તસવીર : હાર્દીક બામટા

## લીલીયા ખાતે પ્રિસાઈડિંગ પોલિંગ કર્મચારીઓ માટે તાલીમ

અમરેલી,તા.૦૮

લીલીયા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે તાલુકા અને જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી ૨૦૨૬ અંતર્ગત પ્રિસાઈડિંગ અને પ્રથમ પોલિંગ કર્મચારીઓ માટે તાલીમ વર્ગ યોજાયો હતો. લીલીયા તાલુકાની ૧૬ તાલુકા પંચાયત અને ૨ જિલ્લા પંચાયત બેઠકોના ૬૩ બુથ પર શાંતિપૂર્ણ મતદાન થાય તે હેતુથી પ્રતિક સાવલિયા અને એચ. વી. વાડા સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં માર્ગદર્શન અપાયું હતું. અભિષેક ઠાકરે ચૂંટણી પ્રક્રિયાની ઝીણવટભરી માહિતી આપી હતી.



## ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ચકલીઘર અને પાણીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ

અમરેલી,તા.૦૮

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, ચલાલા સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ઉનાળાની આકરી ગરમીમાં પક્ષીઓની રક્ષા કાજે સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી હતી. સંસ્થાના વડા પ.પૂ. સંતશ્રી ડો. રતિદાદાની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ કુલ ૧૦૪૩ ચકલીઘર તથા ૧૦૦૦ પાણીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરાયું હતું. આ ભગીરથ કાર્યમાં મુંબઈ સ્થિત દાતા નવીનચંદ્રભાઈ શેઠનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. ડાયરેક્ટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતાએ શાળાના બાળકોને પક્ષીઓની કાળજી લેવા અંગે માર્ગદર્શન આપી શપથ લેવડાવ્યા હતા. ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, હરિબા મહિલા કોલેજ, સંસ્કૃત શક્તિ ગુરુકુળ અને રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ ગ્રામજનોએ આ અભિયાનનો લાભ લીધો હતો. લુપ્ત થતી ચકલીઓને બચાવવા અને પ્રકૃતિ સાથે જોડાવા માટે સંસ્થાનો આ પ્રયાસ પ્રશંસનીય છે, જેનાથી ઘેર-ઘેર પક્ષીઓનો કલરવ ગુંજશે. ડાયરેક્ટર શીતલબેન મહેતા અને સમગ્ર સ્ટાફે આ અભિયાનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.



## અમરેલીમાં 'પ્રતાપપર્વ ૨૦૨૬'ની સાહિત્યિક ગરિમા સાથે ઉજવણી કરાઈ

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા સંસ્થાના સ્થાપક અને પુસ્તક પરબના પ્રણેતા ડો. પ્રતાપભાઈ પંડ્યાની ૮૮મી જન્મજયંતી નિમિત્તે ૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ 'પ્રતાપપર્વ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત પ્રસિધ્ધ લેખક ડો. નિમિત ઓઝાએ 'સાહિત્યથી સ્વસ્થતા સુધી' વિષય પર વૈશ્વિક સંદર્ભો સાથે ચિંતનાત્મક વક્તવ્ય રજૂ કરી શ્રોતાઓને ભાવવિભોર કર્યા હતા. મંગલ દીપ પ્રાગટ્ય અને જિલ જોષીના ગાન સાથે શરૂ થયેલા આ સમારોહમાં વડોદરાથી વિશેષ ઉપસ્થિત રમાબેન પંડ્યાનું સન્માન કરવામાં આવ્યું હતું. મેનેજિંગ ટ્રસ્ટી ઉમેશભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ડો. કાલિન્દી પરીખ, જાગૃતિ રાજ્યગુરુ અને કેતન જોષીનું સાહિત્યિક સિદ્ધિઓ બદલ વિશેષ સન્માન કરાયું હતું. ડો. ભરત કાનાબાર, પારુલ ખખ્ખર અને ભરત વિંઝુડા જેવા અનેક દિગ્ગજ સર્જકોની હાજરીમાં ડો. પંડ્યાના સાહિત્ય વારસાને યાદ કરવામાં આવ્યો હતો. અંતમાં કાશ્મીરાબેન ભટ્ટે આભારવિધિ કરી સૌનો સ્નેહ સ્વીકાર્યો હતો. સમગ્ર આયોજન મનીષાબેન પંડ્યાની પ્રેરણા અને ટ્રસ્ટી મંડળની જહેમતથી સફળ રહ્યો હતો.



## બાબરાના તાઈવદર ગામે રસ્તે ચાલવા બાબતે કુહાડો બતાવી મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપી

બાબરા, તા.૦૮

બાબરા તાલુકાના તાઈવદર ગામે રસ્તે ચાલવા જેવી સામાન્ય બાબતે બે શખ્સોએ મહિલા સાથે ઝઘડો કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે દયાબેન લાલજીભાઈ ગોલાણી (ઉ.વ.૩૦) એ વલ્લભભાઈ પાંચાભાઈ સોલંકી તથા જસમતભાઈ વલ્લભભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, તાઈવદર ગામે રહેતી મહિલા ગત સાંજે આશરે સાડા છ વાગ્યાના સુમારે મજૂરી કામ પતાવીને ચાલીને પોતાની વાડીએ આવેલા મકાન તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન જ્યારે તેઓ વલ્લભભાઈના ઘર પાસેથી પસાર થયા ત્યારે આરોપીએ તેમને અટકાવ્યા હતા. આરોપીએ તેમને આ રસ્તે ચાલવાની મનાઈ કરી હતી અને ઉશ્કેરાઈને જેમ ફાવે તેમ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. બોલાચાલી વધતા આરોપીએ તેમને ધક્કો મારી જમીન પર પાડી દીધા હતા, જેના કારણે ફરિયાદીને ડાબા હાથની આંગળી પર મુંઢ ઈજા પહોંચી હતી. તેમણે બૂમાબૂમ કરતા જસમતભાઈ સોલંકી પણ ત્યાં દોડી આવ્યા હતા. આ બંને શખ્સોએ ભેગા મળીને ફરિયાદીને બેફામ ગાળો આપી હતી. એટલું જ નહીં, વલ્લભભાઈએ પોતાની પાસે રહેલો કુહાડો બતાવી ફરિયાદીને ડરાવ્યા હતા અને જો ફરી અહીંથી નીકળશે તો 'જાનથી મારી નાખવાની' ધમકી આપી હતી.










### -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૩૦/૨૦૨૬

શ્રી કાદરભાઈ જીકરભાઈ ધાનાણી
રહે.લીલીયા મોટા ઠે.વાણંદશેરી મસ્જીદ પાસે, જિ.અમરેલી

.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, લીલીયા મોટા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી કાદરભાઈ જીકરભાઈ ધાનાણીની પુત્રી રોશનબેન કાદરભાઈ ધાનાણીનો જન્મ તા.૨૪/૧૨/૧૯૯૪ના રોજ લીલીયા મોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**



# સા.કુંડલાના મીતીયાળા પંથકમાં રાત્રિથી લઈ સવાર સુધી ભુકંપના ૮ આંચકા

સાવરકુંડલા તા.૦૮



ખાંભા અને સાવરકુંડલા તાલુકાના મીતીયાળા પંથકમાં છેલ્લા કેટલાક કલાકોથી ધરા ધ્રુજી રહી છે જેના કારણે સ્થાનિક રહેવાસીઓમાં ભારે ગભરાટ ફેલાયો છે. રાત્રિના સમયથી શરૂ થયેલો આ સિલસિલો સવારના ૯ વાગ્યા સુધી યથાવત રહ્યો હતો અને આ ટૂંકા ગાળામાં કુલ ૮ જેટલા ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી વિભાગે આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે ભૂકંપનું કેન્દ્રબિંદુ અમરેલીથી અંદાજે ૪૩ કિલોમીટર દૂર આવેલું છે. જોકે રાહતની વાત એ છે કે આ આંચકાઓને કારણે હજુ સુધી કોઈ જાનહાનિ કે મોટી માલહાનિના સમાચાર સામે આવ્યા નથી તેમ છતાં વારંવાર આવતા આંચકાઓને લીધે લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. સ્થાનિક સરપંચ મનસુખભાઈએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે આ વિસ્તારમાં ઘણા સમયથી ઝીણા આંચકા આવે છે જે સામાન્ય રીતે અનુભવાતા નથી પરંતુ હાલની સ્થિતિએ લોકોમાં ચિંતા વધારી છે. હાલ પ્રશાસન દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને નાગરિકોને ગભરાયા વગર સાવચેત રહેવા માટે ખાસ અપીલ કરવામાં આવી છે.

# સાવરકુંડલામાં તંત્રની બેદરકારીને કારણે ગેસ ધારકોની કફોડી હાલત

સાવરકુંડલા તા.૦૮



સાવરકુંડલાના દેવળા ઝાંપા વિસ્તારમાં આવેલી ઈન્ડેન ગેસ એજન્સીના અણઘડ વહીવટને કારણે ગ્રાહકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ રમેશભાઈ હિરાણી અને બિપીનભાઈ પાંધીના રિયાલિટી ચેકમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. લોકો વહેલી સવારના ચાર વાગ્યાથી લાઈનોમાં ઉભા રહે છે, છતાં સર્વર ડાઉન કે સ્ટોક ખાલી હોવાના બહાના હેઠળ તેમને ધક્કા ખવરાવવામાં આવે છે. વૃધ્ધો, ઓપરેશન કરાવેલા દર્દીઓ અને મહિલાઓ કાળઝાળ ગરમીમાં કલાકો સુધી ભૂખ્યા-તરસ્યા રાહ જુએ છે, છતાં ખાલી હાથે પરત ફરવું પડે છે. અનેક ઘરોમાં રસોઈ ગેસના અભાવે મંગા પર રોટલા ઘડવાની નોબત આવી છે. તંત્રની આ નિષ્ક્રિયતા સામે લોકોમાં ભારે રોષ છે અને હવે અન્ય એજન્સીની માંગ પ્રબળ બની રહી છે.

# સાવરકુંડલાના લોહાણા પરિવારનો સદગતના મોક્ષાર્થે જીવદયાનો સેવાયજ્ઞ

સાવરકુંડલા,તા.૦૮



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાના લોહાણા પરિવારે સદગતના મોક્ષાર્થે ખોટા ખર્ચ ત્યજી અબોલ જીવોની સેવા કરવાનો પ્રેરણાદાયી નિર્ણય લીધો છે. પાંચમના પારણા નિમિત્તે શુધ્ધ ઘીમાં શેકેલી નવ પ્રકારની સામગ્રી તૈયાર કરી ૮૫૬ વેસ્ટેજ બોટલોમાં ભરીને કરોડો સૂક્ષ્મ જીવો માટે 'જીવદયા'નું કાર્ય આદર્યું છે. પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવા સાથે 'કીડીને કણ'ની ઉક્તિ સાર્થક કરતા આ સેવાકાર્યની સમગ્ર પંથકમાં ભારોભાર પ્રશંસા થઈ રહી છે.

# ટીંબી ગામના વેપારી સાથે લોનના બહાને રૂ. ૧.૫૫ લાખની છેતરપિંડી

**પૈસા પડાવી લીધા બાદ આરોપીઓએ પોતાના મોબાઈલ ફોન બંધ કરી દીધા**

જાફરાબાદ, તા.૮

ઓનલાઈન લોન અપાવવાના નામે છેતરપિંડી કરતી ગેંગ હવે ગ્રામ્ય વિસ્તારોના વેપારીઓને નિશાન બનાવી રહી છે. આવો જ એક કિસ્સો ટીંબી ગામમાં પ્રકાશમાં આવ્યો છે, જ્યાં એક વેપારીને સસ્તી લોન અપાવવાની લાલચ આપી ટોળકીએ કટકે-કટકે કુલ રૂ. ૧,૫૫,૪૬૯ પડાવી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ હતી. ભરતભાઈ ભાણાભાઈ પરમાર (ઉ.વ.૩૭) એ ત્રણ મોબાઈલ ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ માર્ચ મહિનામાં અલગ-અલગ નંબર પરથી ફોન આવ્યા હતા. જેમાં એક મહિલાએ પોતાની ઓળખ 'યશ ફાઈનાન્સ'માંથી ભાવિકાબેન તરીકે આપી હતી. તેણે તેને ખૂબ જ ઓછા વ્યાજ દરે સસ્તી લોન અપાવવાની લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ અન્ય સાથીદારોએ પ્રવીણ અને અન્ય નામો ધારણ કરી વોટ્સએપ મેસેજ અને વોઈસ કોલ દ્વારા સંપર્ક ચાલુ રાખ્યો હતો. આરોપીઓએ વેપારી પાસેથી ડોક્યુમેન્ટ્સ મંગાવી તે વેરીફાઈ થઈ ગયા હોવાનું અને ૫ લાખની લોન મંજૂર થઈ હોવાનું જૂઠું કહી નીચે મુજબની રકમ અલગ-અલગ બેંક ખાતા અને UPI ID માં ટ્રાન્સફર કરાવી હતી. લોન ફાઈલ ચાર્જ પેટે રૂ. ૪,૦૦૦, ફિક્સ ડિપોઝિટ પેટે રૂ. ૨૩,૫૦૦, ઈન્શ્યોરન્સ પેટે રૂ. ૧૧,૯૭૦ લોન કમિશન અને બેંક એકાઉન્ટ ઓપનિંગ માટે રૂ. ૭૪,૯૯૯ તથા NOC અને બેંક ચાર્જ પેટે રૂ. ૪૧,૦૦૦ મળી કુલ રૂ. ૧,૫૫,૪૬૯ મેળવી લીધા બાદ પણ વેપારીના ખાતામાં લોનની રકમ જમા ન થઈ ત્યારે તેમને છેતરપિંડીનો અહેસાસ થયો હતો. પૈસા પડાવી લીધા બાદ આરોપીઓએ પોતાના મોબાઈલ ફોન બંધ કરી દીધા હતા. વેપારીએ જ્યારે સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો ત્યારે છેતરપિંડી થઈ હોવાનું સ્પષ્ટ થયું હતું. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પી આઈ વી કે રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં હનુમાન મહોત્સવ બાદ વધેલુ રાશન નિરાધારોને અપાયુ

સાવરકુંડલા, તા.૦૮



સાવરકુંડલાના તાત્કાલિક હનુમાનજી આશ્રમ ખાતે હનુમાન પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી બાદ આશ્રમ પરિવારે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. મહોત્સવમાં પ્રસાદી બાદ વધેલું કરિયાણું અને મસાલા જેવી ચીજવસ્તુઓનો વ્યય કરવાને બદલે, સ્વયંસેવકોએ તેને વ્યવસ્થિત રીતે 'સેવા કીટ બનાવી દાતાઓના શ્રધ્ધાપૂર્વકના દાનનો સદુપયોગ થાય તે હેતુથી આ કીટો શહેરના નિરાધાર વૃધ્ધો અને અત્યંત ગરીબ પરિવારોના ઘરે પહોંચાડવામાં આવી હતી.

# સાવરકુંડલામાં દીકરીની સગાઈ ન થતી હોવાથી ચિંતામાં રહેતી માતાએ જીવન ટૂંકાવ્યું

સાવરકુંડલા, તા.૮

અમરેલી જિલ્લામાં અપમૃત્યુના વધુ બે બનાવ પોલીસ ચોપડે નોંધાયા હતા. સાવરકુંડલા શહેરમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. દીકરીની સગાઈ ન થતી હોવાના કારણે છેલ્લા બે વર્ષથી સતત માનસિક તણાવમાં રહેતી એક માતાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ અંગે મુકેશભાઈ બાઘુભાઈ પાચાણી (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની મૃતક અનસુયાબેન પાચાણી આધેડ છેલ્લા લાંબા સમયથી પોતાની દીકરીના લગ્ન અને સગાઈને લઈને ચિંતિત હતા. યોગ્ય મુરતિયો ન મળવાને કારણે સગાઈમાં વિલંબ થતો હોવાથી તેઓ છેલ્લા બે વર્ષથી ભારે માનસિક ટેન્શનમાં રહેતા હતા. આ ચિંતામાં ને ચિંતામાં તેણે પોતાના ઘરે જ ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતા આસપાસના લોકો અને પરિવારજનો દોડી આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં મૃત્યુ નીપજ્યું હતું. દીકરીના ભવિષ્યની ચિંતામાં એક માતાએ જીવ ગુમાવતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# પોકસોનો નાસતો ફરતો આરોપી અમરેલી પોલીસના હાથે ઝડપાયો



અમરેલી,તા.૦૮

અમરેલી સીટી પી. આઈ. એમ.એમ.ઝાલા અને સર્વેલન્સ ટીમે બાતમીના આધારે સાવરકુંડલાના ખડસલી ગામેથી પોક્સોનો આરોપી અમિત ઉર્ફે બબલુ પ્રવિણભાઈ પિંગાળાને દબોચી લીધો છે. આ કામગીરીમાં સરપંચ બાબુભાઈ ચોવટીયા અને ગ્રામીણ આગેવાનોએ પણ સહયોગ આપ્યો હતો. પકડાયેલ આરોપી વિરુધ્ધ બી.એન.એસ.ની વિવિધ કલમો તેમજ પોક્સો એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**કરીયાવર બાબતે મેણાટોણા મારી વધુ દહેજની માંગણી કરી**

# વંડા ગામની પરિણીતાને સુરતમાં પતિ-સસરાએ ગાળો આપી

**જાનથી મારી નાખવી પડશે તેવી ધમકી પણ આપી**

સાવરકુંડલા, તા.૦૮

વંડા ગામની એક યુવતિ પરણીને સાસરે ગઈ હતી. જોકે જે અરમાનો સાથે આવી હતી તે ખોટા નીકળ્યા હતા. પતિ-સસરાએ ગાળો આપી હતી. તેમજ તું અહીંથી જતી રહે નહીં તો જાનથી મારી નાખવી પડશે તેવી ધમકી આપી હતી. બનાવ અંગે સુરભીબેન યોગેશભાઈ ગોંડલીયા (ઉ.વ.૨૬) એ સુરતમાં રહેતા પતિ રાજદીપભાઈ ઘનશ્યામભાઈ દેસાણી, સસરા ઘનશ્યામભાઈ દેસાણી તથા સાસુ દયાબેન ઘનશ્યામભાઈ દેસાણી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ તેને શારીરીક માનસીક દુખ ત્રાસ આપ્યું હતું. પતિ તથા સસરાએ ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. સાસુએ કરીયાવર બાબતે મેણાટોણા મારી વધુ દહેજની માંગણી કરી હતી. પતિએ તા.૧૫/૦૨/૨૦૨૬ ના રોજ તેમને તું અહીંથી જતી રહે નહીં તો જાનથી મારી નાખવી પડશે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એમ.વિંઝુડા વધુ તપાસ કરી રહ્યા છે.

લેઉવા પટેલ ટ્રસ્ટ
જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ
ગર્લ્સ સ્કૂલ - પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad005

**પરિવારમાં જમવા બાબતે સામાન્ય બોલાચાલીમાં બની ઘટના**

# ખાંભાના બોરાળ ગામે બહેને તું રસોઈ બગાડે છે તેમ કહેતા બહેને ઝેરી દવા પીધી

ખાંભા, તા.૦૮

ખાંભા તાલુકાના બોરાળા ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં રસોઈ બનાવવાની બાબતે બહેને ઠપકો આપતા બહેને મનમાં લાગી આવતા ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. હાલ યુવતીને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, ગત તારીખ ૦૬/૦૪/૨૦૨૬ ના રોજ બપોરના સમયે બોરાળા ગામે એક પરિવારમાં જમવા બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી. ભોગ બનનાર યુવતીએ બપોરનું જમવાનું બનાવ્યું હતું. આ સમયે તેની બહેને રસોઈ બાબતે ટોકતા કહ્યું હતું કે, તને રસોઈ બનાવતા નથી આવડતું અને તું રસોઈ બનાવે ત્યારે તે બગડે છે. બહેન દ્વારા કરવામાં આવેલી આ ટકોરથી મનમાં લાગી આવી હતી. રસોઈ બાબતે થયેલો આ ઝઘડો ઉગ્ર બનતા યુવતી અત્યંત વ્યથિત થઈ ગઈ હતી. આવેશમાં આવીને તેણે પોતાના ઘરે પડેલી કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનોમાં ફાળ પડી હતી અને યુવતીને તાત્કાલિક સારવાર માટે દવાખાને ખસેડવામાં આવી હતી. હાલમાં આ મામલે સ્થાનિક પોલીસને જાણ થતા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. એક સામાન્ય ઘરગથ્થુ બાબતે દીકરીએ આવું અંતિમ ડગલું ભરતા ગામમાં ચર્ચાનો વિષય બન્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એમ.ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગં.સ્વ.ચંપાબેન વલ્લભભાઈ વાજા (ઉ.વર્ષ.૭૫)નું તા. ૦૬/૦૪/૨૦૨૬ ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ધર્મેન્દ્રભાઈ વલ્લભભાઈ વાજા, મુન્નાભાઈ વલ્લભભાઈ વાજા અને ઘનશ્યામભાઈ વલ્લભભાઈ વાજાના માતૃશ્રી થાય છે. તેમનું સદગતનું બેસણું તા. ૦૯/૦૪/૨૦૨૬ ને ગુરૂવાર ના રોજ સાંજે ૪ થી ૭ કલાકે અમારા નિવાસ સ્થાન મારૂતિ નગર શેરી નં-૩ 'રામેશ્વર' ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ.કાંતિલાલ પ્રતાપરાય ભટ્ટ (ઉ. વર્ષ.૮૨)નું તા.૩/૪/૨૦૨૬ ને શુક્રવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ. ચંપકલાલ પોપટલાલ પંડ્યા ને સ્વ. મધુસૂદન પોપટલાલ પંડ્યા અને સ્વ. હર્ષદરાય પોપટલાલ પંડ્યાના ભાણેજ થાય છે. તેમની સદગતની સાદડી તા.૯/૪/૨૦૨૬ ને ગુરૂવારના રોજ સાંજે ૫:૦૦થી ૬:૦૦ કલાકે તેમના નિવાસ સ્થાન સમુદ્રી માતાનું મંદિર, ગાંધી ચોક, કંડોળીયા શેરી, સાવરકુંડલા ખાતે રાખેલ છે.




## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૩૩૦/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી શિયાળ વનરાજભાઈ લાખાભાઈ
સરનામું :- ઠે.ચાંચબંદર, તા.રાજુલા, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રી - ચાંચબંદર, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચબંદર મુકામે ના શ્રી શિયાળ વનરાજભાઈ લાખાભાઈ એ તેમના પુત્રી ઉર્મીલાબેન વનરાજભાઈ શિયાળ જન્મ તા.૨૬/૧૦/૨૦૦૯ અને સોનલબેન વનરાજભાઈ શિયાળ જન્મ તા.૨૮/૦૭/૨૦૧૫ ના રોજ રાજુલા તાલુકાના ચાંચબંદર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કીર્તિબેન બી. પરમાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૩૩૧/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ગોમીબેન ચીથરભાઈ શિયાળ
સરનામું :- મું.ચાચ, તા.રાજુલા, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચાંચ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ મુકામે ના શ્રી ગોમીબેન ચીથરભાઈ શિયાળ એ તેમના સંતાનો નામે શ્રી કૈલાસબેન ચીથરભાઈ શિયાળ નો જન્મ તા.૨૫/૦૫/૨૦૦૯, શ્રી વિપુલભાઈ ચીથરભાઈ શિયાળનો જન્મ તા.૧૮/૦૩/૨૦૨૧ અને શ્રી કિરણબેન ચીથરભાઈ શિયાળનો જન્મ તા.૦૧/૦૧/૨૦૧૭ ના રોજ રાજુલા તાલુકાના ચાંચ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કે.બી.પરમાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૩૩૨/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ગુજરીયા ભારતીબેન સવજીભાઈ
સરનામું :- ઠે.ખેરા, તા.રાજુલા, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી ગુજરીયા ભારતીબેન સવજીભાઈ એ તેમના પુત્રી નામે શ્રી વનીતાબેન સવજીભાઈ ગુજરીયા નો જન્મ તા.૧૫/૦૨/૧૯૯૪ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કે.બી.પરમાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૧૦૧/૨૦૨૬

પ્રતિ,
શ્રી રાધુબેન માધાભાઈ સોલંકી,
રહે.સંજવાપુર, ગામ-સંજવાપુર
તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.એમ.શીયાળ,ઉના ...........અરજદાર

-વિરૂધ્ધ-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સંજવાપુર,
તાલુકો-ઉના, જિલ્લો-ગીરસોમનાથ ...........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સંજવાપુર ગામના રહીશ શ્રી રાધુબેન માધાભાઈ સોલંકીના પતિ સ્વ.માધાભાઈ ભાણાભાઈ સોલંકીનું મરણ તારીખ: ૦૧/૦૧/૨૦૦૦ ના રોજ ઉના તાલુકાના સંજવાપુર ગામ ખાતે થયેલ છે. જેની મરણ નોંધ ઉના તાલુકાના સંજવાપુરના સને.૨૦૦૦ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૫/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે.ભીમાણી)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

# રાજુલાના હિંડોરણા ગામે હનીટ્રેપનો કિસ્સો: યુવકને બાવળની ઝાડીમાં બોલાવી ઢોરમાર માર્યો

રાજુલા, તા.૮

રાજુલા તાલુકાના હિંડોરણા ગામ પાસે પાંચ શખ્સોએ પૂર્વ આયોજિત કાવતરું રચી એક યુવકને બાવળની કાંટમાં બોલાવી હનીટ્રેપમાં ફસાવી, તેની પાસેથી રોકડ અને મોબાઈલ લૂંટી લઈ પાંચ લાખ રૂપિયાની ખંડણી માંગ્યાની સનસનીખેજ ઘટના સામે આવી હતી. આ અંગે જાફરાબાદના વારાહ સ્વરૂપ ગામમાં રહેતા રોનકદાસ ભરતદાસ મેસવાણીયાએ કરણભાઈ દંતુભાઈ પટાટ રહે.હીંડોરણા, તથા સમીનાબેન સેલોત રહે.રાજુલા, જીતુભાઈ રાઘવભાઈ ચૌહાણ રહે. રાજુલા તથા અજાણ્યા બે આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગતો મુજબ, કરણભાઈ દંતુભાઈ પટાટે તેમને ફોન કરીને હિંડોરણા ગામે બોલાવ્યો હતો. ત્યારબાદ અન્ય સાથીદારો સાથે ઓળખાણ કરાવી, સમીનાબેન સેલોત તેમને બાવળની કાટમાં લઈ ગયા હતા. ત્યાં અચાનક અન્ય આરોપીઓ આવી પહોંચ્યા હતા અને તેમને ઘેરી લીધો હતો. આરોપીઓએ તેમને ગાલ પર લાફા ઝીંકી અને ઢીકાપાટુનો ઢોર માર માર્યો હતો. આરોપીઓએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી, મહિલા સાથે ખરાબ કામ કરવાનું કહી પરાણે વીડિયો ઉતારી લીધો હતો. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપીઓએ તેમના ખિસ્સામાંથી બળજબરીપૂર્વક રૂ. ૧૯૫૦ કાઢી લીધા હતા. આરોપીઓએ લાકડી વડે યુવકને માર મારી તેનું પેન્ટ ઉતરાવ્યું હતું અને અર્ધ નગ્ન હાલતમાં વીડિયો ઉતારી તેને લાચાર બનાવ્યો હતો. આ સાથે જ આરોપીઓએ યુવકનો નવો મોબાઈલ ફોન પણ બળજબરીથી છીનવી લીધો હતો. આરોપીઓએ યુવકને ધમકી આપી હતી કે જો તે ૫ લાખ રૂપિયા નહીં આપે તો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દેવામાં આવશે. સાથે જ એવી પણ ધમકી આપી હતી કે તેને બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવામાં આવશે અને જાનથી મારી નાખવામાં આવશે.

## ભમોદ્રા પ્રા.શાળાના બાળકોને આઈસક્રીમ અપાયુ



ભગવાન બાળકને પોતાનો પ્રતિનિધિ બનાવી આ દુનિયામાં મોકલે છે કે આ મારી થાપણ છે, એને જાળવજો, જીરવજો. આ સુંદર વિચારને સાર્થક કરતા હોય તેમ સ્વ. ભનુભાઈ સવજીભાઈ ખૂંટની પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર દ્વારા વતન નાના ભમોદ્રા પ્રાથમિક શાળાના નિર્દોષ બાળકોને પ્રેમપૂર્વક આઈસ્ક્રીમ ખવડાવવામાં આવ્યો હતો. ફોટામાં આઈસ્ક્રીમના કપ હાથમાં પકડીને બાળકોના ચહેરા પર છવાયેલી નિખાલસ મુસ્કાન અને આનંદ જ આ શ્રધ્ધાંજલિને સાચા અર્થમાં જીવંત બનાવી રહી છે.

# અમરેલીમાં એક્ટિવા ચાલકને ફોર વ્હીલ ચાલકે ફંગોળતા ઈજા

**અમરેલી સીટી પોલીસ સ્ટેશન દ્વારા તપાસ હાથ ધરવામાં આવી**

અમરેલી, તા.૦૮

અમરેલીમાં લાઠી રોડ બાયપાસ સર્કલ પાસે એક્ટિવા ચાલકને ફોર વ્હીલ ચાલકે ફંગોળ્યો હતો. સુધીરસિંહ નટવરસિંહ જાદવ (ઉ.વ.૪૯)એ અજાણ્યા ફોર વ્હીલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની મોટર સાયકલ લઈને ઘરે જતા હતા ત્યારે અજાણ્યા કાર ચાલકે તેને પાછળથી આવી ટક્કર મારી હતી. જેમાં તેમને ફેક્ચરની ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ વી મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીમાં બ્રહ્માકુમારીઝ દ્વારા 'સ્માર્ટ નેચરોથેરપી' કેમ્પનું આયોજન

લાઠી, તા. ૦૮

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, લાઠી દ્વારા તારીખ ૫/૪/૨૬ના રોજ સ્વ. હરિભાઈ વાવડીયાના નિવાસસ્થાને એક વિશેષ 'સ્માર્ટ નેચરોથેરપી' કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું ઉદઘાટન સેવા કેન્દ્રના ઈનચાર્જ રાજયોગીની ચંપાદીદી અને લાઠીના પ્રાંત ઓફિસર બ્રહ્મભટ્ટ સાહેબના હસ્તે કરવામાં



આવ્યું હતું.આ કેમ્પમાં કમર, ઘૂંટણ અને સ્નાયુઓના દુખાવાથી પીડાતા ૮૫ જેટલા દર્દીઓએ રાજકોટના 'થેરાપ્યુડ વેલનેસ સેન્ટર'ના પ્રતિભાબેન પટેલ અને ભાવનાબેન પટેલની નિષ્ણાત સેવાઓનો લાભ લીધો હતો. નેચરોથેરપીની આ આધુનિક ટેકનિકથી દર્દીઓમાં રાહત સાથે ખુશી જોવા મળી હતી. આ સેવાની લોકપ્રિયતા જોઈને સ્થાનિકો દ્વારા આગામી ૬ દિવસ સુધી આ કેમ્પ ફરી યોજવા માંગ કરવામાં આવી છે.બ્રહ્માકુમારી સંસ્થાના સ્વયંસેવકોએ આ કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. અંતમાં ચંપાદીદીએ નિષ્ણાત ટીમને ઈશ્વરીય ભેટ આપી તેમની નિઃસ્વાર્થ સેવાની સરાહના કરી હતી.

# દામનગરના અગ્રણી રફીકભાઈ હુનાણીની પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના કોષાધ્યક્ષ પદે નિમણૂક

દામનગર, તા. ૦૮



દામનગરના જાણીતા વેપારી અને સામાજિક અગ્રણી રફીકભાઈ હુનાણીની ગુજરાત પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના કોષાધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે. તેઓ ભૂતકાળમાં કોટન સીડ મીલ જીન, દામનગર GIDC અને સહકારી મંડળી જેવી સંસ્થાઓમાં મહત્વના હોદાઓ સંભાળી ચૂક્યા છે.આ નિમણૂકને રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરીયા અને જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિતના ધારાસભ્યો અને અગ્રણીઓએ આવકારી રફીકભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરેલી જિલ્લામાં મહિલાઓ સહિત ૪૨ શખ્સો દેશી દારૂ સાથે ઝડપાયા

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લામાં નશાબંધીના કાયદાના કડક અમલીકરણ માટે પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી ખાસ ઝુંબેશમાં મોટી સફળતા મળી છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કરવામાં આવેલા દરોડા દરમિયાન કેટલીક મહિલાઓ સહિત કુલ ૪૨ જેટલા લોકો પાસેથી પીવાનો દેશી દારૂ ઝડપી પાડવામાં આવ્યો છે. અમરેલી જિલ્લા પોલીસ વડાની સૂચના મુજબ, પોલીસ ટીમોએ અલગ-અલગ જગ્યાએ વોચ ગોઠવી હતી. પોલીસને મળેલી બાતમીના આધારે રહેણાંક મકાનો અને જાહેર જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલા લોકોમાં કેટલીક મહિલાઓનો પણ સમાવેશ થાય છે. આ મહિલાઓ પોતાના ઘરે અથવા છૂપી રીતે દેશી દારૂનું વેચાણ કે હેરાફેરી કરતી હોવાનું સામે આવ્યું છે. પોલીસ દ્વારા તમામ આરોપીઓ વિરુધ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત સાવરકુંડલા,કાપેલધાર પાસેથી ભારતીય બનાવટની વિદેશી દારૂના પાંચ ચપટા સાથે એક યુવક ઝડપાયો હતો. જિલ્લામાંથી વગર પાસ પરમીટે કેફીપીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતાં ૧૯ ઈસમો ઝડપાયા હતા.

# બાબરાના આંબરડી ગામે વીજ કરંટથી ઊંટડીનું મોત

બાબરા, તા.૮

બાબરા તાલુકાના આંબરડી ગામે વીજ કરંટ લાગવાને કારણે ઊંટડીનું કરુણ મોત નીપજ્યું હતું. ખેતરના શેઢે આવેલા ઈલેક્ટ્રિક ટીસી (TC) માંથી કરંટ લાગતા એક ગાભણ ઊંટડીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મળતી માહિતી મુજબ, આંબરડી ગામના પશુપાલક ભીમાભાઈ સંગાભાઈ મોરીનું ઊંટ (માદા) અને તેમના કુટુંબી ભાઈઓના ઊંટ ગામના જ નરેન્દ્રભાઈ સભાયાની વાડીમાં ચરી રહ્યા હતા. ચરતી વખતે ઊંટડી ખેતરના શેઢે આવેલા વીજ ટીસી પાસે પહોંચી હતી. ટીસી પર ચડેલો ગળાનો વેલો ખાવા જતાં ઊંટડીને વીજ લાઈનમાંથી જોરદાર કરંટ લાગ્યો હતો. જેમાં ૧૨ વર્ષની ઊંટડીનું મોત નીપજ્યું હતું. પશુપાલકના જણાવ્યા અનુસાર, આ ઊંટડી આશરે છ મહિનાના ગાભણ ગાળામાં હતી.

# રાંઢીયા ગામની યુવતીને પતિએ ઘરકામ આવડતું નથી, તું મારા લાયક નથી કહી ત્રાસ આપ્યો

**યુવતીએ સુરતના વરાછામાં રહેતા પતિ સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૮

અમરેલી જિલ્લાની પરિણીતાઓ પર સાસરિયાના સિતમની ઘટનામાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. રાંઢીયા ગામની યુવતીને પતિએ ઘરકામ આવડતું નથી તું મારા લાયક નથી કહી ત્રાસ આપ્યો હતો. હાલ રાંઢીયા ગામે રહેતી હિનાબેન ગીરધરભાઈ રામાણી (ઉ.વ.૩૬)એ સુરતના મોટા વરાછામાં રહેતા પતિ નીકુલભાઈ કાળુભાઈ વાવડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્નની તા.૦૮/૦૨/૨૦૧૪ થી તા.૦૧/૦૯/૨૦૨૨ દરમ્યાન સુરત મુકામે તેમને તેના પતિએ ઘરકામ આવડતું નથી, તું મારા લાયક નથી તેમ કહી અવાર-નવાર મેણાટોણા મારી શારિરીક માનસીક દુઃખ ત્રાસ આપી ગાળો આપી ઢીકાપાટુનો મુંઢ માર મારી ઘરેથી કાઢી મુકી હતી. પતિના ત્રાસથી કંટાળીને પત્નીએ ફરિયાદ કરી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.કે.સોળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: સાતમ
તા.૦૯-૦૪-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૬:૨૮,
સૂર્યાસ્ત-૦૬:૫૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૂળ

## દૈનિક રાશિફળ

તા.૦૯-૦૪-૨૦૨૬ ગુરૂવાર

મેષ: આજનો દિવસ ગુરુ પ્રત્યેની નિષ્ઠા અને ભક્તિથી ભરપુર રહેશે. આ સમયે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થશે. તમે અટકેલા પૈસા પ્રાપ્ત કરશો.

વૃષભ: ઘરે અને બહારના વધુ સર્પોટિવ વાતાવરણને કારણે લગભગ તમામ કાર્યો સરળતાથી પૂર્ણ કરવામાં આવશે.

મિથુન: તમારો દિવસ સામાન્ય કરતા વધારે શુભ રહેશે. સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્ર પર તમને તમારી પ્રતિભા બતાવવાની તક મળશે.

કર્ક: તમારા સારા કાર્યોથી તમારા અને તમારા પરિવારનું ગૌરવ વધશે. તમને તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ પણ મળશે.

સિંહ: આજનો દિવસ ઉતાર-ચઢાવનો રહેશે. તમારી વિચારસરણીમાં નિરાશા ના આવવા દો.

કન્યા: આજનો દિવસ તમારા માટે મિશ્રિત રહેશે. અતિશય ભાવુક રહેશો. આ કારણોસર ઘર અને બહારનું વાતાવરણ દૂષિત થઈ શકે છે.

તુલા: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે. પ્રતિસ્પર્ધકો હારશે અને કાર્ય ધંધો પહેલા કરતા વધુ સારી રીતે ચાલશે.

વૃશ્ચિક: તમને આજે થોડી કાળજી લેવાની સલાહ આપવામાં આવી છે, કોઈ ભૂલને લીધે તમારા મનમાં થોડી પીડા થઈ શકે છે.

ધન: ધંધામાં ઝડપથી નિર્ણય ના લેવાને કારણે કામમાં અડચણ અને નુકસાન થઈ શકે છે. નોકરી કરનારાઓના અધિકારમાં વધારો કરી શકાય છે.

મકર: આજે ધૈર્યથી કાર્ય કરો કારણકે ઉતાવળા કામોને લીધે નુકસાનની સંભાવના છે.

કુંભ: કોઈ પણ કાર્યમાં સ્પષ્ટતાના અભાવને કારણે કાર્ય અટકી શકે છે, ફક્ત મન જ કાર્યોની રૂપરેખા બનાવશે. ધીરે ધીરે પરિસ્થિતિ સ્પષ્ટ થઈ જશે.

મીન: આ દિવસે તમે તમારા જીવન સાથેના તમામ કાર્યો કરી શકશો, પરંતુ તેમ છતાં સફળતા મેળવવામાં શંકા રહેશે.

# લીલીયાના આર.એફ.ઓ. ગલાણીની બદલી થતા વિદાય સમારંભ યોજાયો

લીલીયા,તા.૦૮

લીલીયા વન્ય પ્રાણી રેન્જમાં આર.એફ.ઓ. તરીકે ફરજ બજાવતા બી.જી. ગલાણીની ભાવનગર ખાતે બદલી થતા તેમનો ભવ્ય વિદાય સમારોહ અને નવનિયુક્ત આર.એફ.ઓ. વત્સલ પંડ્યાનો સ્વાગત સમારોહ યોજાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ આર.એફ.ઓ. કચેરી ખાતે બંને



અધિકારીઓના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ફોરેસ્ટર ઈમરાનખાન પઠાણે ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે વન કર્મચારીઓ, માલધારી સમાજ અને સામાજિક સંસ્થાઓ દ્વારા શાલ તથા મોમેન્ટો અર્પણ કરી બંને અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એ.સી.એફ. વિરલસિંહ ચાવડા, આર.એફ.ઓ. રાજન જાદવ, પી. આઈ. એમ.ડી. સાળુંકે સહિતના અધિકારીઓ હાજર રહ્યાં હતા.

# ધારી અને સા.કુંડલામાંથી બાઈકની ઉઠાંતરી

અમરેલી, તા.૮

અમરેલી જિલ્લામાંથી બાઈક ઉઠાંતરીની વધુ બે ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. ધારી અને સાવરકુંડલામાંથી બાઈક ચોરીની ફરિયાદ નોંધાઈ હતી. ધારીમાં રહેતા પ્રિયાંકભાઈ જીતેન્દ્રભાઈ દેસાઈ (ઉ.વ.૩૩) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનું મોટર સાયકલ લઈને તેના પિતા ધારી રેલવે સ્ટેશન ખાતે બેસવા ગયા હતા અને અને મોટર સાયકલ રેલવે સ્ટેશનની બહાર બ્રહ્મ સમાજની વાડીની બાજુમાં મુક્યું હતું. તે વખતે અજાણ્યો ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. બીજા બનાવમાં સાવરકુંડલામાં રહેતા લાલાભાઈ ભાભલુભાઈ મેવાડા (ઉ.વ.૩૬) એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ઉતાવળા હનુમાન મંદિરના ગેઈટના ડેલા સામે પાર્ક કરેલા તેમના બાઈકની અજાણ્યો ચોર ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ ડી રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને માર્ગ સલામતીની બેઠક યોજાઈ

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને તાજેતરમાં જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન રોડ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા માટે રોડ એન્જિનિયરિંગને લગતા વિવિધ પાસાઓ જેવા કે સ્પીડ લિમિટનું નિર્ધારણ, યોગ્ય સાઈનેઝ બોર્ડ લગાવવા, રસ્તા પર નડતરરૂપ વૃક્ષોનું સમયસર ટ્રીમિંગ કરવું તેમજ સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રિપ, શેવરોન બોર્ડ અને કેટ આઈઝનો અસરકારક ઉપયોગ કરવા બાબતે સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. એસ.ટી. વિભાગ દ્વારા ડ્રાઈવરો અને કંડક્ટરો માટે માર્ગ સલામતીના કાયદાઓની જાગૃતિ માટે વિશેષ કાર્યક્રમો યોજાયા હતા, જેની વિગતો સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરી હતી. કલેક્ટરે વાહનચાલકોની સુરક્ષા માટે હેલ્મેટ, સીટબેલ્ટ અને ઓવર સ્પીડિંગ જેવા નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવા અને કાયદાકીય અમલીકરણ સતત રાખવા સૂચના આપી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર દિલિપસિંહ ગોહિલ, આસિસ્ટન્ટ કલેક્ટર અતુલ સિંઘ, નાયબ પોલીસ અધિક્ષક એ.જી. ગોહિલ અને અન્ય વિભાગીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરા માર્કેટ યાર્ડમાં શોર્ટ સર્કિટથી આગ લાગતાં ૩૦૦૦ મણ કપાસ ખાખ

બાબરા, તા.૮

બાબરા માર્કેટ યાર્ડમાં ગત રોજ બપોરના સમયે આગની એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. યાર્ડના શેડમાં રાખવામાં આવેલા કપાસના મોટા જથ્થામાં અચાનક આગ ફાટી નીકળતા લાખો રૂપિયાનો માલ બળીને ખાખ થઈ ગયો હતો. આ અંગે અશ્વિનભાઈ અરજણભાઈ ટાઢાણીએ જાહેર કર્યા મુજબ ૦૭/૦૪/૨૦૨૬ ના રોજ બપોરે ચારેક વાગ્યાના સુમારે માર્કેટ યાર્ડમાં આવેલી એક દુકાન સામેના શેડમાં કપાસના ઢગલા પડ્યા હતા. આ દરમિયાન અચાનક શોર્ટ સર્કિટ થવાને કારણે તણખલા ઝર્યા હતા અને જોતજોતામાં કપાસના ઢગલાએ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ આગની ઘટનામાં અંદાજે ૩,૦૦૦ (ત્રણ હજાર) મણ જેટલો કપાસ સળગી ગયો છે. પ્રાથમિક અંદાજ મુજબ, આ દુર્ઘટનામાં આશરે રૂ. ૪૦,૦૦,૦૦૦ જેટલું મોટું આર્થિક નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે યાર્ડમાં દોડધામ મચી ગઈ હતી. સ્થાનિક લોકો અને ફાયર ફાઈટરની મદદથી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શિવાભાઈ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# અંતરિક્ષમાં માનવીની સેફટી મિકેનિઝમની ચકાસણી

સુનિતા વિલિયમ્સ અવકાશમાં લાંબો સમય ટેકનિકલ કારણોસર અટવાઈ ગઈ હતી હવે જ્યારે માનવીની અવકાશી યાત્રા ચંદ્ર ને પહેલે પાર જવાની છે ત્યારે અવકાશયાત્રીની સલામતી અંગેની મિકેનિઝમ મજબૂત કરવામાં આવી રહી છે.

માનવજાતની અનંત જિજ્ઞાસા અને અવકાશ વિજ્ઞાનના સાહસમાં સોમવારનો દિવસ સુવર્ણ અક્ષરે અંકિત થઈ ગયો છે. નાસાના આર્ટેમિસ મિશન હેઠળ જ્યારે ચાર અવકાશયાત્રીઓએ પૃથ્વીથી ૪,૦૬,૭૭૧ કિલોમીટરનું અંતર કાપ્યું, ત્યારે માત્ર એક નવો રેકોર્ડ જ નહોતો બન્યો, પરંતુ બ્રહ્માંડના ઊંડાણોને સર કરવાની મનુષ્યની ક્ષમતા પર મહોર પણ વાગી હતી. અગાઉ ૧૯૭૦માં એપોલો-૧૩ મિશન દ્વારા પ્રસ્થાપિત થયેલા રેકોર્ડને તોડીને ઓરિઅન અવકાશયાને ચંદ્રના દૂરના ભાગની આસપાસ જે ભ્રમણ કર્યું છે, તે દર્શાવે છે કે આપણે હવે પૃથ્વીના સીમાડા ઓળંગીને ચંદ્ર પર કાયમી વસવાટ કરવાના વિઝન તરફ મક્કમ ડગલે આગળ વધી રહ્યા છીએ.

આ મિશનની સૌથી નોંધપાત્ર બાબત તેની અત્યંત ચોકસાઈપૂર્વકની વ્યૂહરચના અને સુરક્ષા વ્યવસ્થા છે. ચંદ્ર તરફ સીધું પ્રયાણ કરવાને બદલે ઓરિઅન યાનને પૃથ્વીની આસપાસ એક લંબગોળ માર્ગમાં ગતિ કરાવાઈ હતી. આ આયોજન પાછળનું મુખ્ય કારણ ક્રૂ મેમ્બર્સની સલામતી અને યાનની આધુનિક જીવાકર્ષણની મર્યાદામાં રહીને સલામત રીતે પરત ફરી શકે. આ પ્રકારનું 'સેફ્ટી મિકેનિઝમ' ઊંડા અવકાશના મિશનમાં અનિવાર્ય છે, જ્યાં ભૂલને કોઈ અવકાશ હોતો નથી.

વિજ્ઞાન અને એન્જિનિયરિંગનો અદભૂત સમન્વય આ મિશનના 'ચંદ્ર સ્લિંગશોટ' પ્રયોગમાં જોવા મળે છે. યુરોપિયન સર્વિસ મોડ્યુલ દ્વારા સંચાલિત ઓરિઅન યાનને જ્યારે ચંદ્રના ગુરુત્વાકર્ષણ બળનો ઉપયોગ કરીને પૃથ્વી તરફ પાછું વાળવામાં આવ્યું, ત્યારે તે માત્ર ઈંધણની બચત નહોતી, પરંતુ કુદરતી બળોને ટેકનોલોજી સાથે સાંકળવાની એક કુશળતા હતી. ચંદ્રની ભ્રમણકક્ષામાં પ્રવેશવા અને ત્યાંથી બહાર નીકળવા માટે જરૂરી ભારે ઈંધણના વપરાશને બદલે, કુદરતી ગુરુત્વાકર્ષણનો ટેથર તરીકે ઉપયોગ કરીને યાને પોતાની દિશા બદલી. આ પધ્ધતિને કારણે રોકેટનું વજન ઘટ્યું અને કટોકટીના સમય માટે જરૂરી પ્રોપેલન્ટનો અનામત જથ્થો પણ જાળવી શકાયો.

આર્ટેમિસ મિશનનું અંતિમ લક્ષ્ય માત્ર રેકોર્ડ સ્થાપવાનું નથી, પરંતુ ઓરિઅન અવકાશયાન માનવ જીવનને અવકાશના કઠિન વાતાવરણમાં સુરક્ષિત રીતે ટકાવી શકે છે તે સાબિત કરવાનું છે. આ ૧૦ દિવસીય સફર દરમિયાન એકત્રિત કરવામાં આવેલો ડેટા અને ટેલિમેટ્રી ભવિષ્યના 'ચંદ્ર આધાર' એટલે કે લુનર બેઝના નિર્માણ માટે પાયાનું કામ કરશે. જ્યારે ઓરિઅન પૃથ્વી પર સુરક્ષિત રીતે પરત ફરશે, ત્યારે તે પોતાની સાથે માત્ર અવકાશયાત્રીઓને જ નહીં, પણ ચંદ્ર પર માનવીના પુનરાગમન અને ત્યાં લાંબા સમય સુધી વસવાટ કરવાની નવી આશાઓને પણ સાથે લાવશે. અંતરિક્ષ વિજ્ઞાનના આ નવા યુગમાં આર્ટેમિસ એક એવી છલાંગ છે જે આગામી પેઢીઓ માટે અનંત શક્યતાઓના દ્વાર ખોલશે.

# સુરત ડાયમંડ બુર્સ રફ હીરાનું વૈશ્વિક મુખ્ય મથક બનશે



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વિશ્વના હીરા ઉદ્યોગના હૃદય સમાન સુરતના આંગણે જ્યારે એક હજાર કરોડના રફ હીરાનું ભવ્ય પ્રદર્શન યોજાયું છે,જે ૧૦ મી મેં સુધી ચાલશે. ત્યારે તે માત્ર વ્યાપારિક આંકડો નથી પણ આત્મનિર્ભરતા તરફનું એક મજબૂત કદમ છે. સુરત ડાયમંડ બુર્સ ખાતે આયોજિત આ ઐતિહાસિક ઘટના સ્થાનિક રત્નકલાકારો અને નાના ઉદ્યોગકારો માટે સીધી વૈશ્વિક તકોના નવા દ્વારા ખોલશે, જે સુરતની વ્યાપારિક ઓળખને વિશ્વ સ્તરે વધુ તેજસ્વી બનાવશે.

સુરત ડાયમંડ બુર્સ એ માત્ર એક ઈમારત ન થી, પરંતુ ભારતની આર્થિક શક્તિ અને સુરતના રત્નકલાકારોની મહેનતનું એક જીવંત સ્મારક છે. ખજોદ વિસ્તારમાં આવેલું આ બુર્સ વિશ્વનું સૌથી મોટું ઓફિસ કોમ્પ્લેક્સ હોવાનું ગૌરવ ધરાવે છે. અંદાજે ૬૬ લાખ ચોરસ ફૂટથી વધુ વિસ્તારમાં ફેલાયેલું આ સંકુલ અમેરિકાના પેન્ટાગોનને પણ પાછળ છોડી દે છે. સુરત હંમેશા હીરાના કટિંગ અને પોલિશિંગ માટે જાણીતું રહ્યું છે, પરંતુ વેપારના મુખ્ય કેન્દ્રો મુંબઈ કે વિદેશમાં રહેતા હતા. આ અંતરને મિટાવવા અને સુરતને વિશ્વના નકશા પર એક મજબૂત ટ્રેડિંગ હબ તરીકે સ્થાપિત કરવાના ઉદ્દેશ સાથે સુરત ડાયમંડ બુર્સનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં એક જ છત નીચે હજારો ઓફિસો, આધુનિક સેફ ડિપોઝિટ વોલ્ટ, કસ્ટમ ક્લિયરન્સ હાઉસ અને બેંકિંગ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સંકુલ એવી રીતે તૈયાર કરવામાં આવ્યું છે કે અહીં આવનાર આંતરરાષ્ટ્રીય ખરીદદારોને તમામ સુવિધાઓ એક જ સ્થળે મળી રહે. તેની સ્થાપત્ય કલા પણ અદભૂત છે, જેમાં ગ્રીન બિલ્ડિંગના ધોરણોનું પાલન કરવામાં આવ્યું છે. સુરતના અર્થતંત્રમાં આ બુર્સ એક કરોડરજ્જુ સમાન સાબિત થઈ રહ્યું છે, કારણ કે તે લાખો લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારી પૂરી પાડે છે. હીરા ઉદ્યોગના નાના વેપારીઓથી લઈને મોટા નિકાસકારો સુધી તમામ માટે આ એક સમાન પ્લેટફોર્મ પૂરું પાડે છે, જેનાથી સુરતની વૈશ્વિક પ્રતિષ્ઠામાં અનેકગણો વધારો થયો છે. રફ ડાયમંડ એટલે કે કાચા હીરા એ કુદરતની એવી અનમોલ ભેટ છે જે ખાણમાંથી નીકળ્યા બાદ પોતાના અસલી સ્વરૂપમાં હોય છે. આ હીરા પર કોઈ પણ પ્રકારનું પાસા પાડવાનું કે પોલિશિંગનું કામ થયું હોતું નથી. જોવામાં તે સામાન્ય કાચના ટુકડા જેવા લાગે છે, પરંતુ તેની અંદર અદભૂત ચમક છુપાયેલી હોય છે. હીરાની કિંમત તેના રફ સ્વરૂપમાં રહેલી શુધ્ધતા, રંગ અને કદ પર આધારિત હોય છે. અત્યાર સુધી સુરતના ઉદ્યોગકારોએ રફ હીરા મેળવવા માટે દુબઈ, બેલ્જિયમનું એન્ટવર્પ કે આફ્રિકન દેશો પર નિર્ભર રહેવું પડતું હતું. રફ હીરાના વેપારમાં પારદર્શિતા અને ગુણવત્તા અત્યંત મહત્વની હોય છે. રફ હીરાનું સીધું વેચાણ સુરતમાં થવાથી મધ્યસ્થીઓની જરૂરિયાત ઓછી થાય છે અને નાના ઉદ્યોગકારોને વાજબી ભાવે કાચો માલ મળી રહે છે. રફ હીરાની પરખ કરવી એ પણ એક કળા છે, જેમાં કુશળ રત્નકલાકારો હીરાની અંદર રહેલી ખામીઓને ઓળખીને તેમાંથી શ્રેષ્ઠ પાસા કઈ રીતે પાડી શકાય તેનું આયોજન કરે છે. આ પ્રદર્શનમાં પ્રદર્શિત કરાયેલા એક મિલિયન કેરેટથી વધુના રફ હીરા સુરતના એમએસએમઈ એકમો માટે આશીર્વાદરૂપ સાબિત થશે, કારણ કે તેમને હવે આંતરરાષ્ટ્રીય હરાજી હાઉસ સાથે સીધો સંપર્ક કરવાની તક મળશે. રફ હીરાની સીધી ઉપલબ્ધતા સુરતના હીરા ઉદ્યોગની ઉત્પાદન ક્ષમતા અને નફાકારકતા બંનેમાં વધારો કરશે.

જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા આયોજિત ઈન્ડિયા રફ ડાયમંડ શો સુરત માટે એક ઐતિહાસિક ઘટના છે. ૩૫ દિવસ સુધી ચાલનારા આ પ્રદર્શનમાં વિશ્વભરના અગ્રણી સપ્લાયર્સ અને ટ્રેડિંગ કંપનીઓ ભાગ લઈ રહી છે. આ પ્રદર્શનનો મુખ્ય હેતુ સુરતને રફ હીરાનું ગ્લોબલ ટ્રેડિંગ હબ બનાવવાનો છે. જયારે સુરતના વેપારીઓને ઘરઆંગણે જ એક હજાર કરોડના હીરા જોવાની અને ખરીદવાની તક મળે છે, ત્યારે તેમના વિદેશ પ્રવાસના ખર્ચ અને સમયની મોટી બચત થાય છે. આ પ્રદર્શનથી ખાસ કરીને નાના અને મધ્યમ કદના હીરાના કારખાનેદારોને મોટો ફાયદો થશે, જેઓ આર્થિક મર્યાદાઓને કારણે વિદેશ જઈ શકતા નહોતા. આંતરરાષ્ટ્રીય બજારની સ્થિતિ મુજબ સીધા સંપર્કથી સુરતના ઉદ્યોગકારો હવે વૈશ્વિક સ્પર્ધામાં મજબૂતાઈથી ઊભા રહી શકશે. સુરત ડાયમંડ બુર્સમાં આ પ્રકારના આયોજનોથી માત્ર હીરા ઉદ્યોગ જ નહીં, પરંતુ શહેરના હોસ્પિટાલિટી અને પ્રવાસન ક્ષેત્રને પણ વેગ મળશે. ભવિષ્યમાં જો સુરત રફ હીરાના વેપારનું મુખ્ય કેન્દ્ર બની જશે,


આના કારણે ભાવનગર પણ હીરા ઉદ્યોગમાં અગ્રસ્થાને આવી જશે કારણ કે દરિયાઈ રસ્તે ભાવનગર થી સુરત માત્ર ત્રણથી ચાર કલાકમાં સમુદ્ર માર્ગે પહોંચી શકાય છે સવારે જઈને સાંજે પાછા આવી શકાય છે. ભાવનગર સુરતનું ટ્વીન સિટી બની ચૂક્યું છે. આથી હીરા ઉદ્યોગમાં ભાવનગર સુરત પછી બીજા નંબરનું મુખ્ય કેન્દ્ર બની જશે. આ ઉપરાંત પછી નજીકમાં ધોલેરા સર મા મોટા પાયા પર મલ્ટીનેશન કંપનીઓ નું નિર્માણ શરૂ થઈ ચૂકયૂ છે. અહીં ધોલેરામાં અત્યંત આધુનિક સુવિધા ધરાવતા બે રિસોર્ટ પણ કાર્યરત થઈ ચૂક્યા છે. જેમાં મૂડી રોકાણની સૌથી મોટી તકો વર્તમાન સંજોગોમાં છે. જે વ્યક્તિ ક્લબની મેમ્બરશીપ લેશે તે ભવિષ્યમાં માલામાલ થઈ જશે.નજીકના વિસ્તારમાં મોટા પાયા પર અન્ય ઉદ્યોગોની સાથે ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ પણ વિકસિત થશે. આમ સુરતનું રફ હીરાનું એક્ઝિબિશન સમગ્ર ગુજરાતમાં હીરાના ઝળહળાટ વૈશ્વિક સ્તર પર લઈ જશે. ભારતની હીરાની નિકાસમાં ધરખમ ઉછાળો જોવા મળશે. આ પ્રદર્શન એ દિશામાં ભરાયેલું એક મજબૂત અને નિર્ણાયક પગલું છે, જે સુરતના હીરા ઉદ્યોગના સુવર્ણ યુગની શરૂઆત કરી રહ્યું છે. આમ, સુરત ડાયમંડ બુર્સ અને રફ ડાયમંડ પ્રદર્શનના સંગમથી સુરત હવે વિશ્વમાં હીરાના મેન્યુફેક્ચરિંગની સાથે સાથે ટ્રેડિંગમાં પણ પોતાની ધાક જમાવશે.

**સુરતના નવનિર્મિત ડાયમંડ બુર્સમાં ૧૦૦૦ કરોડના રફ ડાયમંડનું પ્રદર્શન યોજાયું વિશ્વભરમાં જ્યારે યુધ્ધનો નેગેટીવ માહોલ સર્જાયો છે ત્યારે સુરતનું આ રફ ડાયમંડના આ એક્ઝિબિશનનો પ્રભાવ ભાવનગર, અમરેલી સહિતના ઉદ્યોગમાં એક નવી ચેતના સંચાર કરી રહ્યું છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૭૫ | ૧૮૩૫ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૬૧૦ |
| મકાઇ | ૩૫૦ | ૩૭૫ |
| તુવેર | ૧૨૪૦ | ૧૫૮૦ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૦૫૫ |
| ચણા સફેદ | ૧૧૨૧ | ૧૭૭૫ |
| અડદ | ૧૩૦૦ | ૧૭૬૭ |
| મગ | ૮૦૦ | ૧૮૫૧ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૩૦૦ |
| ચોળી | ૧૦૫૦ | ૧૧૬૫ |
| મઠ | ૭૫૧ | ૭૫૧ |
| વટાણા | ૭૦૦ | ૧૧૫૦ |
| કળથી | ૩૦૬ | ૩૨૫ |
| રાજમા | ૭૦૦ | ૧૬૬૦ |
| સીંગદાણા | ૧૯૦૫ | ૧૯૯૧ |
| મગફળી જાડી | ૧૩૬૫ | ૧૫૭૫ |
| મગફળી જીણી | ૧૪૦૧ | ૧૬૭૫ |
| તલી | ૧૮૦૫ | ૨૨૯૦ |
| સુરજમુખી | ૧૪૭૫ | ૧૪૭૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૬૧ |
| અજમો | ૧૦૦૦ | ૨૪૦૦ |
| સુવા | ૧૩૭૫ | ૧૬૫૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૪૦ |
| સીંગફાડા | ૧૨૮૦ | ૧૮૪૦ |
| કાળા તલ | ૨૭૦૦ | ૪૧૫૦ |
| લસણ | ૭૫૦ | ૧૭૨૫ |
| ધાણા | ૨૨૫૦ | ૨૬૫૦ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૬૦૦૦ |
| ધાણી | ૨૪૦૦ | ૨૮૮૦ |
| વરીયાળી | ૧૭૫૪ | ૨૫૫૧ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૩૨૫ |
| રાય | ૧૨૫૦ | ૧૪૮૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૬૫૨ |
| ઇસબગુલ | ૧૪૦૦ | ૨૧૯૧ |
| અશેરીયો | ૧૦૧૭ | ૧૧૩૪ |
| કલોંજી | ૨૧૫૦ | ૩૨૦૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૨૮ | ૭૫૯ |
| લીંબુ | ૧૬૨૬ | ૩૨૧૬ |
| સાકરટેટી | ૧૫૪ | ૩૫૧ |
| તરબુચ | ૧૫૨ | ૩૦૨ |
| પપૈયા | ૭૧ | ૧૨૭ |
| બટેટા | ૯૭ | ૨૫૮ |
| ડુંગળી સુકી | ૪૧ | ૨૪૮ |
| ટમેટા | ૧૧૪ | ૩૦૯ |
| સુરણ | ૮૦૮ | ૧૦૧૯ |
| કોથમરી | ૧૭૬ | ૩૧૧ |
| મુળા | ૪૧૦ | ૬૧૮ |
| રીંગણા | ૧૩૬ | ૩૨૧ |
| કોબીજ | ૪૪ | ૧૦૧ |
| ફ્લાવર | ૨૫૮ | ૩૮૯ |
| ભીંડો | ૬૧૧ | ૮૮૭ |
| ગુવાર | ૫૩૯ | ૯૫૧ |
| ચોળાસીંગ | ૬૫૯ | ૯૬૧ |
| વાલોળ | ૭૦૪ | ૯૮૨ |
| ટીંડોળા | ૩૩૧ | ૭૩૬ |
| દુધી | ૧૭૯ | ૩૦૭ |
| કારેલા | ૩૦૩ | ૪૬૯ |
| સરગવો | ૨૪૧ | ૫૦૭ |
| તુરીયા | ૪૧૧ | ૬૪૨ |
| પરવર | ૬૨૬ | ૮૪૪ |
| કાકડી | ૨૪૬ | ૪૧૬ |
| ગાજર | ૨૦૮ | ૩૬૨ |
| વટાણા | ૧૨૦૭ | ૧૪૨૬ |
| ગલકા | ૨૫૨ | ૪૬૧ |
| બીટ | ૬૮ | ૧૨૧ |
| મેથી | ૧૬૬ | ૩૦૭ |
| વાલ | ૯૦૧ | ૧૦૩૭ |
| ડુંગળી લીલી | ૧૪૩ | ૨૫૭ |
| આદુ | ૯૨૧ | ૧૧૧૪ |
| મરચા લીલા | ૪૨૮ | ૬૪૧ |
| લસણ લીલું | ૬૨૨ | ૧૧૧૮ |
| મકાઇ લીલી | ૧૦૬ | ૨૦૪ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૮૦૬ |
| ઘઉં લોકવન | ૪૪૧ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૮૦૧ |
| મગફળી જીણી | ૧૧૫૬ | ૧૬૨૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૨૦૪૧ |
| સિંગ ફાડીયા | ૧૦૫૧ | ૧૮૬૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૨૬૬ |
| જીરૂ | ૨૨૦૧ | ૪૪૨૧ |
| કલંજી | ૧૦૦૦ | ૩૨૬૧ |
| વરીયાળી | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ધાણા | ૧૮૫૧ | ૨૭૧૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૫૦૧ | ૮૬૦૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૬૬૧ |
| ડુંગળી લાલ | ૩૬ | ૨૫૧ |
| અડદ | ૯૯૧ | ૧૭૩૧ |
| મઠ | ૫૨૬ | ૫૨૬ |
| તુવેર | ૮૦૦ | ૧૫૯૧ |
| રાયડો | ૯૦૦ | ૧૨૩૧ |
| રાય | ૧૦૫૧ | ૧૪૧૧ |
| મેથી | ૯૫૧ | ૧૫૬૧ |
| સુવાદાણા | ૧૭૦૧ | ૧૭૦૧ |
| કાંગ | ૪૦૧ | ૫૧૧ |
| સુરજમુખી | ૩૨૬ | ૧૩૨૬ |
| મરચા | ૧૬૦૧ | ૭૦૦૧ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૬૮૧ |
| સફેદ ચણા | ૧૧૧૧ | ૧૮૦૧ |
| મગફળી ૬૬ | ૧૨૦૦ | ૧૫૩૬ |
| તલ - તલી | ૧૪૭૬ | ૨૨૮૧ |
| ધાણી | ૨૦૦૧ | ૨૯૭૬ |
| મરચા સૂકા ઘોલર | ૩૯૦૧ | ૮૮૦૧ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૨૨૮ |
| બાજરો | ૩૦૧ | ૩૦૧ |
| જુવાર | ૭૧૧ | ૯૫૧ |
| મકાઇ | ૩૫૧ | ૪૪૧ |
| મગ | ૯૦૧ | ૧૮૯૧ |
| ચણા | ૯૬૧ | ૧૦૮૧ |
| વાલ | ૮૦૧ | ૧૧૧૧ |
| વાલ પાપડી | ૧૫૩૧ | ૧૫૩૧ |
| ચોળા / ચોળી | ૩૫૧ | ૧૦૪૧ |
| સોયાબીન | ૮૫૧ | ૧૦૭૬ |
| કળથી | ૧૫૧ | ૧૫૧ |
| ગોગળી | ૮૦૧ | ૧૩૯૧ |
| વટાણા | ૭૫૧ | ૧૦૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦ | ૨૮૦ |
| મરચા | ૨૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૯૦૦ |
| ગલકા | ૧૬૦ | ૬૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૭૦૦ |
| વટાણા | ૨૦૦ | ૧૮૦૦ |
| કેરી કાચી | ૬૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૧૭૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૫ | ૬ |
| તાંજરીયા પુરા | ૧ | ૪ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૪ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| પચકારુ | ૧૦૦ | ૨૦૦ |
| ચ્રૂણ | ૬૦૦ | ૧૦૦૦ |
| હૃદિક્રી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ગુંદા | ૮૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૮ |
| બીટ પુરા | ૮ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૯૦૦ |
| કારેલા | ૧૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૧૬૦ |
| આદુ | ૨૦૦ | ૧૧૪૦ |
| ફણશી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૪ |
| પાલક પુરા | ૧ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૩૩૫ | ૧૪૪૦ |
| શિંગ ગીરનાર | ૧૪૧૫ | ૧૪૧૫ |
| શિંગ મોટી | ૧૧૦૦ | ૧૬૦૫ |
| શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૧૮૯૦ |
| તલ સફેદ | ૧૦૫૦ | ૨૨૮૦ |
| તલ કાળા | ૧૫૧૫ | ૩૮૪૦ |
| બાજરો | ૨૦૫ | ૩૬૫ |
| જુવાર | ૪૨૫ | ૪૨૫ |
| ઘઉં બંસી | ૫૦૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૬૭૦ |
| ઘઉં લોકવન | ૩૬૦ | ૫૨૫ |
| અડદ | ૮૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૭૨૦ | ૧૦૫૦ |
| ચણા દેશી | ૧૦૧૦ | ૧૦૬૦ |
| સફેદ ચણા | ૯૮૦ | ૧૨૩૦ |
| છોલે ચણા | ૧૨૫૦ | ૧૫૬૦ |
| તુવેર | ૭૩૦ | ૧૫૨૦ |
| કપાસ | ૯૦૦ | ૧૮૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૩૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૧૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૨૫ |
| રાય | ૧૧૪૦ | ૧૪૦૦ |
| ધાણા | ૨૩૦૦ | ૨૬૬૫ |
| ધાણી | ૧૮૪૦ | ૨૯૮૫ |
| અજમા | ૧૭૬૦ | ૨૧૫૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૬૫ |
| સોયાબીન | ૯૩૫ | ૧૦૯૫ |
| મરચા લાંબા | ૧૬૧૦ | ૬૯૧૦ |
| મરચા ઘોલર | ૪૯૦૦ | ૮૩૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૪૦ |
| રીંગણા | ૩૨૦ | ૫૫૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૧૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૧૦ |
| ટમેટા | ૧૬૦ | ૨૨૦ |
| સુરણ | ૭૫૦ | ૯૫૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૨૦ |
| ગુંદા | ૪૦૦ | ૬૦૦ |
| કાકડી | ૨૨૦ | ૩૦૦ |
| ગુવાર | ૫૫૦ | ૮૦૦ |
| વાલ | ૬૫૦ | ૮૦૦ |
| વટાણા | ૧૫૫૦ | ૧૬૦૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૪૫૦ |
| કાચી કેરી | ૫૫૦ | ૯૩૦ |
| ભીંડો | ૬૨૦ | ૭૩૦ |
| આદુ | ૧૧૮૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૨૫૦ | ૩૫૦ |
| મેથીભાજી | ૪૩૦ | ૫૫૦ |
| ફોદીનો | ૩૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૮૦ | ૨૮૦ |
| સરગવો | ૨૨૦ | ૨૬૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૧૨૫૦ | ૧૩૫૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૧૬૫૦ |
| મકાઈ | ૨૦૦ | ૨૯૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૭૦ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૫૩૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૪૫૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૩૫૦ |
| કપાસ | ૧૪૭૫ | ૧૭૮૩ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૦ |
| બાજરો | ૪૫૦ | ૫૩૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૫ |
| દેશી ચણા | ૧૦૩૦ | ૧૧૧૧ |
| તુવેર | ૧૪૦૦ | ૧૫૧૧ |
| એરંડી | ૧૧૮૦ | ૧૨૪૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૯૦ |
| રાય/રાયડો | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૮૫૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૭૦ | ૧૬૮૦ |
| મગફળી | ૧૨૦૦ | ૧૫૪૧ |
| ઘઉં | ૩૬૦ | ૪૩૬ |
| ચણા | ૯૬૫ | ૧૦૩૫ |
| ધાણા | ૨૪૪૦ | ૨૬૭૦ |
| તુવેર | ૧૦૧૦ | ૧૪૪૧ |
| શિંગદાણા | ૧૭૫૧ | ૨૦૦૬ |
| એરંડા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| કલોંજી | ૨૬૩૦ | ૨૬૩૦ |
| તલ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| મેથી | ૧૦૩૫ | ૧૦૩૫ |
| સોયાબીન | ૯૯૯ | ૯૯૯ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૭૮૪ |
| ઘઉં લોકવન | ૩૨૨ | ૪૪૮ |
| ઘઉં ટુકડા | ૩૪૦ | ૪૩૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૩૫ |
| ધાણા | ૧૫૦૦ | ૨૩૫૦ |
| સોયાબીન | ૭૯૫ | ૧૦૩૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૬૫ |
| જીરૂ | ૪૦૪૫ | ૪૦૪૫ |
| મગફળી | ૧૦૯૫ | ૧૪૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૯૦ |
| લસણ | ૪૭૦ | ૪૭૦ |
| રાય | ૧૧૫૦ | ૧૧૫૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૭૮૦ |
| ધાણી | ૧૮૦૦ | ૧૯૪૦ |
| તલ સફેદ | ૨૦૪૦ | ૨૧૯૫ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૪૦ | ૧૮૪૦ |
| કપાસ મીડીયમ | ૧૫૨૫ | ૧૬૩૫ |
| મગફળી | ૧૨૧૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૧૧૦ | ૪૩૪૦ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૪૦ |
| ઘઉં | ૪૫૫ | ૫૩૫ |
| ધાણા | ૧૪૭૦ | ૨૫૫૦ |
| તુવેર | ૧૧૮૦ | ૧૪૪૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૭૮૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૪૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૬ |
| અડદ | ૫૦૧ | ૧૧૫૧ |
| તુવેર | ૭૫૧ | ૧૫૧૧ |
| મગફળી | ૮૦૧ | ૧૪૨૧ |
| શીંગ ફાડા | ૧૩૦૧ | ૧૬૧૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૧૧૧ |
| મેથી | ૭૦૧ | ૧૨૮૧ |
| જીરૂ | ૨૦૦૧ | ૪૧૮૧ |
| ધાણા | ૧૨૦૧ | ૨૫૩૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૩૧ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૩૪૮ | ૧૬૦૧ |
| શીંગ ૩૨ | ૧૨૫૦ | ૧૪૫૦ |
| શીંગ ૩૯ | ૧૧૭૮ | ૧૪૦૨ |
| શીંગ જી-૨૦ | ૧૩૦૦ | ૧૪૮૧ |
| એરંડા | ૧૦૦૧ | ૧૨૦૦ |
| જુવાર | ૩૩૩ | ૮૫૦ |
| બાજરી | ૩૦૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૦૯ | ૬૧૮ |
| ધાણા | ૨૦૫૦ | ૨૮૦૦ |
| અડદ | ૬૮૦ | ૧૪૨૫ |
| મગ | ૧૦૫૦ | ૧૯૦૦ |
| મેથી | ૪૦૦ | ૧૧૨૫ |
| ચણા | ૯૮૦ | ૧૦૪૫ |
| તલ સફેદ | ૨૧૬૦ | ૨૧૬૦ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૦૦૯ |
| તુવેર | ૭૪૫ | ૧૪૧૦ |
| અજમા | ૨૦૦૦ | ૩૨૦૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૩૪ |
| ડુંગળી સફેદ | ૧૯૦ | ૨૪૯ |
| કપાસ શંકર | ૧૧૬૫ | ૧૭૦૧ |
| નાળીયેર | ૬૦૦ | ૧૮૪૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૫૫૧ |
| બાજરી હાઈબ્રીડ | ૩૧૧ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૦ |
| રાય | ૧૨૦૦ | ૧૪૧૬ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૩૪ |
| મેથી | ૧૦૫૦ | ૧૩૯૪ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૭૦ |
| જુવાર | ૭૨૧ | ૯૦૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૩૧ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૨૧ |
| ચણા | ૯૭૦ | ૧૦૩૯ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૦૭૬ |
| ધાણા | ૨૦૦૦ | ૨૪૧૨ |
| કપાસ | ૧૩૧૯ | ૧૭૦૨ |
| કાંગ | ૪૫૦ | ૫૪૪ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૫૯૧ | ૧૮૦૦ |
| ચણા | ૧૦૪૦ | ૧૦૫૧ |
| જુવાર પીળી | ૪૨૫ | ૪૨૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ધાણા | ૧૯૦૦ | ૨૦૬૦ |
| ઘઉં | ૩૫૦ | ૩૫૦ |
| જીરૂ | ૩૯૦૦ | ૩૯૦૦ |
| મેથી | ૧૦૭૦ | ૧૦૭૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૦૦ | ૪૬૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૩ |
| મગ | ૧૫૦૦ | ૧૭૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૫૨૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મેથી | ૭૦૦ | ૧૬૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૩૯ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૭૧૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૪૭૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૨૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૨૫ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૨૫ |
| રાઈ | ૧૨૦૦ | ૧૪૭૫ |
| લસણ | ૮૫૦ | ૧૫૫૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૫૫ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૨૪૫ |
| અજમો | ૧૭૮૦ | ૫૫૮૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૪૦૦ |
| ધાણા | ૧૬૮૦ | ૨૮૦૦ |
| મરચા | ૧૩૦૦ | ૬૫૫૦ |
| ઈસબગુલ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૯૦ |
| વટાણા | ૭૫૦ | ૧૦૫૦ |
| કલોંજી | ૧૦૦૦ | ૩૨૯૦ |
| રાજમા | ૮૦૦ | ૧૫૮૦ |

## શબ્દ સંજોગ-૨૧૭૬



**આડી ચાવી :**
(૧) ઘાંટો પાડીને બોલવુ તે (૩)
(૩) લશ્કરી વહાણ (૪)
(૬) બોબી દેઓલ: ટિંવકલ ખન્નાની એક ફિલ્મ (૪)
(૭) બાળભાષામાં ઝભલુ (૩)
(૯) પીડવુ તે, દમવુ તે (૩)
(૧૧) ગંધક અને પારાનુ મિશ્રણ (૩)
(૧૨) એક રત્ન (૩)
(૧૩) લંબાઈ, પહોળાઈનું પ્રમાણ (૨)
(૧૪) પાણીનો ઘાટ (૪)
(૧૭) મુકામ, છાવણી (૩)
(૧૮) અંગ્રેજીમાં કરો યુધ્ધ (૨)
(૧૯) ...નું ઘર કેટલે, દીવો બળે એટલે (૨)
(૨૧) ભારતનું અકે શહેર (૪)
(૨૪) ઉત્કટ ઈચ્છા, તલબ (૩)
(૨૬) પૂરુ, સમાપ્ત (૩)
(૨૭) મમતા (૩)
(૨૮) એક સંખ્યા (૩)

**ઉભી ચાવી :**
(૧) ......અઠન્ની, ખર્ચા રૂપૈયા (૪)
(૨) ઝાકળ, ઓંસ (૪)
(૩) ખેડવાની જમીનની માપણી (૩)
(૪) નમેલુ, ઝૂકેલુ (૨)
(૫) એક તંતુ વાદ્ય (૩)
(૮) મુરબ્બી, રક્ષક (૨)
(૧૦) ઘા પર લગાવો (૩)
(૧૧) છળ, પ્રપંચ (૩)
(૧૪) તડાકો, શેખી (૩)
(૧૫) નવ લાખની કિંમતનું (૪)
(૧૬) બીજો અવતાર (૪)
(૧૯) શોક, રડાકૂટ (૩)
(૨૦) વહાણમાના માલનો હિસાબ રાખનાર (૩)
(૨૨) લવાદનામુ (૩)
(૨૩) તમોગુણને લગતુ (૩)
(૨૫) આબરૂ રાખવી તે (૨)

## શબ્દ સંજોગ-૨૧૭૫ જવાબ

**આડી ચાવી** : (૧) હૃદયકુંજ (૭) જભન(ભજન) (૮) દવાત (૯) યવન (૧૧) સેવન (૧૨) ગોવા (૧૩) હત (૧૬) કૂખ (૧૭) સ્વિસ્તક (૧૮) સબક (૨૦) જરા (૨૨) ખો (૨૩) વીરપુર (૨૫) જનક (૨૭) ટેન (૨૮) રસ (૨૯) લાભ (૩૦) સગુ. **ઉભી ચાવી** : (૧) હૃદય (૨) યજન (૩) કુંભ (૪) જનસેવા (૫) સ્યંદન (૬) સ્યૂત (૧૦) વર્મા (૧૨) ગોખ (૧૩) હસ્તિનાપુર (૧૪) તક (૧૫) વ્યાસ (૧૬) કુક (૧૯) બદન (૨૧) રાવીનસ(વીરાસન) (૨૪) રસના (૨૫) જક (૨૬) કલા.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# મલ્લિકાર્જુન ખડગેના વિવાદાસ્પદ નિવેદનના વિરોધમાં અમરેલીમાં ભાજપ દ્વારા મૌન ધરણા

અમરેલી,તા.૦૮

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા કેરળમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ગુજરાતીઓ માટે વપરાયેલા અપમાનજનક શબ્દોને પગલે રાજ્યભરમાં ભારે વિરોધ ફાટી નીકળ્યો છે. ખડગેએ ગુજરાતીઓને ‘અશિક્ષિત‘ અને ‘મૂર્ખ‘ ગણાવતા તેની ગંભીર અસરો અમરેલીમાં પણ જોવા મળી હતી. ભાજપના આગેવાનો અને સ્થાનિક નાગરિકોએ આ નિવેદનને માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા મહાનુભાવોનું અપમાન ગણાવ્યું છે.

ખડગેની આ ટિપ્પણીના વિરોધમાં અમરેલીના રાજકમલ ચોક ખાતે શહેર અને જિલ્લા ભાજપ દ્વારા કાળી પટ્ટી ધારણ કરી મૌન ધરણા યોજવામાં આવ્યા હતા. આ પ્રદર્શનમાં જિલ્લા ભાજપના અગ્રણીઓ મેહુલ ધોરાજીયા, દીપક



વઘાસીયા, મનોજ મહીડા અને શહેર ભાજપ પ્રમુખ વિજય ચોટલિયા અમરેલી ખાતે જીલ્લા ભાજપના આગેવાનો મેહુલ ધોરાજીયા, દીપક વઘાસીયા, મનોજ મહીડા, ધર્મેન્દ્રગીરી ગૌસ્વામી, પીન્ટુ કુરુંદલે, ક્રિશ્નાબેન મકવાણા, મહેશ જાવિયા, વિપુલ ભટ્ટી, દિવ્યેશ વેકરીયા, રાકેશ નાકરાણી,




જીતુભાઈ ડેર, ભુપેન્દ્રભાઈ બસીયા,ભાવનાબેન ગોંડલિયા, હિંમતભાઈ દોંગા, અલ્કાબેન ગોંડલિયા, ચેતન ધાનાણી, સંદીપ સોલંકી, રોમિત કોટડીયા, શહેર ભાજપના પ્રમુખ વિજય ચોટલિયા આગેવાનો યોગેશ ગણાત્રા, રાકેશ સાવલિયા, એ.પી. બોરડ, સંદીપ માંગરોળીયા, ચિરાગ ચાવડા, તુલસીભાઈ મકવાણા,મૌલિક ઉપાધ્યાય, નાથુભાઈ ધાધલ, દિલાભાઈ વાળા, ખોડાભાઈ મેરિયા, મધુભાઈ હરખાણી, કાળુભાઈ વાળા, આશિષ અકબરી, ડેની પરમાર, પ્રવિણ ચાવડા, હિતેષ કલકાણી, ધર્મેશ વિસાવળીયા, પંકજ સોલંકી, ડાયાભાઈ, ભીખાભાઈ ભરવાડ, વિરજીભાઈ બોરીચા, જીગ્નેશ સાવલિયા, આરતીબેન અટારા, કોમલબેન રામાણી, રેખાબેન પરમાર, કાશ્મીરબેન વ્યાસ, પ્રવિણાબેન રાઠોડ, અનસુયાબેન શેઠ, ગીતાબેન, મજબૂતભાઈ, ચંદ્રેશ ખાણેસા, જીગ્નેશભાઈ દાફડા, ગૌરવ મહેતા સહિત અગ્રણીઓએ મૌન ધરણા કરી રોશ વ્યક્ત કર્યો હતો. ધરણા દરમિયાન×કોંગ્રેસમાફીમાંગે×ના નારા સાથે રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મહિલા પાંખના આગેવાનો, વિવિધ સેલના હોદ્દેદારો અને શિક્ષણવિદોએ પણ જોડાઈને ખડગેની હલકી માનસિકતાની આકરી ટીકા કરી હતી.

# સાવરકુંડલાના મેંકડા ગામે ધારાસભ્ય હીરા સોલંકીએ સમાજની એકતા માટે સંદેશો આપ્યો

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલાના મેંકડા ગામે યોજાયેલા એક જાહેર કાર્યક્રમમાં રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકીએ સમાજ પ્રત્યેની નૈતિક જવાબદારી અને એકતા અંગે અત્યંત ધારદાર સંબોધન કર્યું હતું. તાજેતરમાં બગદાણા પંથકના નેતા નવનીત બાલધિયા કોંગ્રેસમાં જોડાયા બાદ બદલાયેલા સમીકરણો વચ્ચે સોલંકીએ કોઈનું નામ લીધા



વિના સમાજને સ્પષ્ટ સંદેશ આપ્યો હતો.

હીરા સોલંકીએ ભારપૂર્વક જણાવ્યું કે, જે વ્યક્તિ સમાજમાં જન્મે છે તેની સર્વોચ્ચ ફરજ સમાજની સેવા કરવાની છે. જે વ્યક્તિ પોતાના સમાજનું સારું કરી શકતી નથી, તેને જન્મ લેવાનો પણ અધિકાર નથી.× તેમણે ભાવુક થઈને ભગવાનને પ્રાર્થના કરી કે, આ જન્મ કોળી સમાજમાં આપ્યો છે, તો આવતો જન્મ પણ આ જ સમાજમાં આપજે, જેથી હું બાકી રહી ગયેલા કામો પૂરા કરી શકું.×સમાજમાં એકબીજાના પગ ખેંચવાની વૃત્તિ સામે નારાજગી વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, અન્યને નીચા દેખાડવા તે પાપ છે. વ્યક્તિએ પોતાના સ્વાર્થને બાજુ પર મૂકીને સામૂહિક પ્રગતિ માટે કાર્ય કરવું જોઈએ. જો કોઈ સારું કામ કરતું હોય તો તેને અટકાવવાને બદલે તેને બિરદાવવું જોઈએ. તેમના આ પ્રવચને ઉપસ્થિત લોકોમાં એકતા અને સેવાભાવનો નવો સંચાર કર્યો હતો.

# વર્ષ ૨૦૨૦ની જાહેરસભા કેસમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા સામે મહેસાણા કોર્ટનું ધરપકડ વોરંટ ઈસ્યુ

મહેસાણા,તા.૦૮

મહેસાણાની સિવિલ કોર્ટે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા વિરુધ્ધ ધરપકડ વોરંટ ઈશ્યુ કર્યું છે. ડિસેમ્બર ૨૦૨૦માં મહેસાણામાં પૂર્વ મંજૂરી વિના સભા યોજવા અને રસ્તા ચક્કાજામ કરવા બદલ તેમની સામે ગુનો નોંધાયો હતો. થર્ડ એડિશનલ સિવિલ જજ બી.આર. કારિયાની કોર્ટે પોલીસને ઈટાલિયાની ધરપકડ કરી રજૂ કરવા આદેશ આપ્યો છે.આ ઘટનાક્રમ વચ્ચે ગોપાલ ઈટાલિયાની એક કથિત ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે, જેમાં તેઓ પોલીસની મુલાકાતને ભાજપનું ષડયંત્ર ગણાવી આક્ષેપો કરવાની વ્યૂહરચના ઘડતા સંભળાય છે. જોકે, ઈટાલિયાએ આ અંગે ખુલાસો



કરતા જણાવ્યું કે, આ ક્લિપ AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) દ્વારા બનાવવામાં આવેલી ફેક ક્લિપ છે અને તેમને ફસાવવાનું આ એક રાજકીય કાવતરું છે. આપના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે ભાજપ સરકાર પોલીસનો દુરુપયોગ કરીને કાર્યકર્તાઓ પર ખોટા કેસ કરી રહી છે. ઈસુદાન ગઢવી સામેની કાર્યવાહી બાદ હવે ઈટાલિયા સામે જૂના કેસમાં તપાસ તેજ થતા ગુજરાતના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

# સુરત-પલસાણા એક્સપ્રેસ હાઈ-વે પર ગમખ્વાર અકસ્માતમાં એક જ પરિવારના ૪ના મોત

સુરત,તા.૦૮

સુરત-પલસાણા એક્સપ્રેસ વે પર ગમખ્વાર અકસ્માતમાં ખંભાતના એક જ પરિવારના ૪ સભ્યોના કરૂણ મોત સુરત જિલ્લાના પલસાણા તાલુકાના દસ્તાન ગામ પાસે ભારતમાલા એક્સપ્રેસ હાઈવે પર મોડી રાત્રે એક કાળજું કંપાવનારી દુર્ઘટના સર્જાઈ હતી. ટાયર ફાટવાને કારણે હાઈવે પર ઉભેલા એક



આઈશર ટેમ્પોની પાછળ પૂરપાટ ઝડપે આવતી ઈકો કાર ધડાકાભેર અથડાતા પરિવારના ચારેય સભ્યોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. મૃતકો આણંદ જિલ્લાના ખંભાત (કાદરપુરા મહોલ્લા) ના વતની અને દાઉદી વ્હોરા સમાજના હતા. આ પરિવાર મુંબઈથી સારવાર કરાવીને મોડી રાત્રે પોતાના વતન પરત ફરી રહ્યો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો. સુરત ગ્રામ્યના DYSP એચ.એલ. રાઠોડે ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે ટેમ્પો ઉભો હોવા છતાં કાર ચાલક તેને જોઈ ન શકતા આ અકસ્માત સર્જાયો હતો.

# ઉનાના ઉમેજમાં મધમાખીના જીવલેણ હુમલાથી વાડીએ રખોપું કરવા ગયેલા આધેડનું મોત

ઉના,તા.૦૮

ઉના તાલુકાના ઉમેજ ગામમાં મધમાખીના હુમલાથી ૫૮ વર્ષીય કાળુભાઈ મેઘાભાઈ ગોહિલનું કરૂણ મોત નીપજ્યું છે.

ગત રાત્રિના સમયે કાળુભાઈ પોતાની વાડીએ રખોપું કરવા ગયા હતા, જ્યાં ઝેરી મધમાખીઓના ઝુંડે તેમના પર અચાનક હુમલો કર્યો



હતો.મધમાખીઓથી બચવા માટે ભાગવા જતાં કાળુભાઈ નજીકના ખાડામાં પડી ગયા હ તા. મધમાખીઓએ તેમના ચહેરા અને શરીર પર અસંખ્ય ડંખ મારતા તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. સવારે પરિવારજનો વાડીએ પહોંચતા કાળુભાઈનો મૃતદેહ ખાડામાંથી મળી આવ્યો હતો. મૃતદેહને તાત્કાલિક ઉના સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલી શહેરમાં મહિલા ઉત્થાન મંડળની બહેનો દ્વારા શરબત, છાશનું વિતરણ

અમરેલી,તા.૦૮

અમરેલીના રાજકમલ ચોક ખાતે મહિલા ઉત્થાન મંડળની બહેનો દ્વારા એક સરાહનીય સેવાનો કાર્યક્રમ યોજાયો હતો. વિશ્વભરમાં સંત આશારામજી બાપુના અવતરણ દિવસને ‘‘વિશ્વ સેવા - સત્સંગ દિવસ’’ તરીકે ઉજવવામાં આવે છે, જે અંતર્ગત આ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેશુડાના ફૂલોના અર્કમાંથી સાકરમાં બનાવેલું



શરબત અને ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોઈપણ જ્ઞાતિ કે જાતિના ભેદભાવ વગર તમામ રાહદારીઓએ આ ઠંડા પીણાંનો લાભ લઈ ગરમીમાં તૃષા તૃપ્તિનો અનુભવ કર્યો હતો.

# અમરેલીમાં કર્મભૂમિ ડેવલોપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

અમરેલી,તા.૦૮

અમરેલી વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે યોગ્ય દિશા અને પ્રેરણા મળી રહે તેવા ઉમદા હેતુ સાથે મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાની પ્રેરણાથી ‘કર્મભૂમિ ડેવલોપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ’ દ્વારા ‘સફળતાનું સમીકરણ’ વિષય પર ભવ્ય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. શાંતાબા મેડિકલ કોલેજ સ્થિત ઓડિટોરિયમમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં



વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થના અને મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી.

ટ્રસ્ટના સંસ્થાપક અને મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ વિદ્યાર્થીઓને સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે શાસ્ત્રી હરિસ્મરણ સ્વામી અને રામકૃષ્ણદાસજી સ્વામીએ આશીર્વચન આપ્યા હતા. જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શરદભાઈ લાખાણી અને ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા તથા કેતનભાઈ ધોળકિયાએ પણ પ્રાસંગિક ઉદબોધન દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.સેમિનારના મુખ્ય વક્તા તરીકે ચિરાગ કાનાણી **(Red & White)** એ મોટિવેશનલ સ્પીચ આપી હતી અને પાર્થ શિયાણીએ કારકિર્દીના વિવિધ પાસાઓ પર વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મનિષ સિધ્ધપુરા, વૈભવ ભુવા અને ભાવેશ ભાલિયાના સંકલનથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો. અંતમાં પ્રો. જે.એમ. તળાવીયાએ આભારવિધિ કરી હતી. આ અવસરે શહેરના અગ્રણી શિક્ષણવિદો અને શાળાના સંચાલકો પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતીઓના અપમાન મુદ્દે ગોંડલમાં ભાજપનો ઉગ્ર વિરોધ

ગોંડલ,તા.૦૮

ગોંડલમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પહેલા રાજકીય વાતાવરણ ઉગ્ર બન્યું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓ વિશે કરવામાં આવેલી વિવાદિત ટિપ્પણીના વિરોધમાં ગોંડલ શહેર ભાજપ દ્વારા ભગવત ગાર્ડન ખાતે જંગી દેખાવો કરવામાં આવ્યા હતા. શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ



તસવીર : ભોજાણી દેવાંગ

કોટડીયા અને પૃથ્વીસિંહ જાડેજા સહિતના અગ્રણીઓની આગેવાનીમાં કાર્યકરોએ બેનરો અને સૂત્રોચ્ચાર સાથે કોંગ્રેસની ગુજરાત વિરોધી માનસિકતાની આકરી ટીકા કરી હતી. ભાજપના નેતાઓએ જણાવ્યું હતું કે ગાંધી અને સરદારની ભૂમિનું અપમાન કોઈ પણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં. આ વિરોધ પ્રદર્શન દરમિયાન મહિલા મોરચાની બહેનો અને મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા, જેમણે ખડગે પાસે તાત્કાલિક માફીની માંગ કરી હતી. પરિસ્થિતિને જોતા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ વિવાદ આગામી ચૂંટણીઓમાં મોટો મુદ્દો બને તેવી પૂરેપૂરી શક્યતા દેખાઈ રહી છે.

# અમરેલી અનુકંપા ફાઉન્ડેશન દ્વારા ૨૫૦ વડીલો માટે સોમનાથ-દ્વારકાની નિ:શુલ્ક તીર્થયાત્રાનું આયોજન

અમરેલી,તા.૦૮

ડૉ. ભરત કાનાબારની રાહબરી હેઠળ કાર્યરત ‘અનુકંપા ફાઉન્ડેશન‘ દ્વારા રોજ સીનિયર સિટીઝનો માટે પાંચમા નિ:શુલ્ક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ૨૫૦ વડીલો પાંચ બસો મારફતે સોમનાથ અને દ્વારકાની ત્રણ દિવસીય યાત્રાએ રવાના થશે.૧૩ એપ્રિલના રોજ સવારે અમરેલીની લોહાણા મહાજનવાડી ખાતેથી દાનબાપુની જગ્યાના



ગાદીપતિ પૂજનીય વલકુબાપુ બસોને પ્રસ્થાન કરાવશે. આ પ્રસંગે ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી હકુભા (ધર્મેન્દ્રસિંહ) જાડેજા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં ફાઉન્ડેશન દ્વારા ૬૦૦ જેટલા વડીલોને તીર્થયાત્રાનો લાભ આપવામાં આવ્યો છે.આ ×શ્રવણ કાર્ય×માં અનેક સમાજ શ્રેષ્ઠીઓએ આર્થિક અનુદાન આપ્યું છે.નારણભાઈ કાછડીયાએ (પૂર્વ સાંસદ) સ્વ. મુકતાબેનના સ્મરણાર્થે રૂા. ૧,૧૧,૦૦૦, જે.પી. સોજીત્રા અને ભાવિનભાઈ સોજીત્રાએ સ્વ. પરશોત્તમભાઈ અને સ્વ. રમાબેનના સ્મરણાર્થે રૂા. ૧,૧૧,૦૦૦.એડવોકેટ ઉદયનભાઈ ત્રિવેદીએ પુત્ર હરનિલના લગ્ન પ્રસંગની ખુશીમાં રૂા. ૧,૧૧,૦૦૦.ધનજીભાઈ રાખોલીયા (બિલ્ડર, સુરત)એ રૂા. ૧,૧૧,૦૦૦નું અનુદાન.અન્ય દાતાઓ પ્રદિપભાઈ રાજપોપટ (રૂા. ૫૧,૦૦૦) અને રાજુભાઈ કામદાર (રૂા. ૨૧,૦૦૦) રહ્યા છે.આ સમગ્ર પ્રવાસનું સંચાલન ભીખુભાઈ અગ્રાવત, મધુભાઈ આજુગીયા અને એડવોકેટ ચેતનભાઈ રાવળના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# RBIએ રેપો રેટ ૫.૨૫% પર યથાવત રાખતા વ્યાજ દરમાં ફેરફાર નહિ

મુંબઈ,તા.૦૮



રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ની નાણાકીય નીતિ સમિતિએ એપ્રિલ ૨૦૨૬ની બેઠકમાં વ્યાજ દરોમાં કોઈ ફેરફાર ન કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. ગવર્નર સંજય મલ્હોત્રાએ જાહેરાત કરી કે રેપો રેટ ૫.૨૫% પર યથાવત રહેશે. આ નિર્ણય વૈશ્વિક અનિશ્ચિતતા અને ક્રૂડ ઓઈલના વધતા ભાવ વચ્ચે આર્થિક સંતુલન જાળવવાના હેતુથી લેવામાં આવ્યો છે.

સમિતિએ સર્વાનુમતે સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલિટી (SDF) ૫% અને માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) ૫.૫% પર જાળવી રાખી છે. ગવર્નરે ભારતના મજબૂત અર્થતંત્ર પર સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું કે ગત વર્ષે જીડીપી વૃદ્ધિ દર ૭.૬% રહેવાનો અંદાજ છે, જે મજબૂત વપરાશ અને માળખાકીય સુધારાનું પરિણામ છે.

જોકે, હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ અને સપ્લાય ચેઈન વિક્ષેપો જેવા વૈશ્વિક પડકારો હજુ પણ ચિંતાનો વિષય છે. આરબીઆઈ હાલમાં 'રાહ જુઓ અને જુઓ'ની નીતિ અપનાવી રહી છે. આ સ્થિરતાનો અર્થ એ છે કે સામાન્ય જનતાએ બેંક લોનના વ્યાજ દરમાં ઘટાડા માટે હજુ રાહ જોવી પડશે. ૨૦૨૫માં ૧૨૫ બેસિસ પોઈન્ટના ઘટાડા બાદ હવે મોંઘવારીને નિયંત્રિત કરવા માટે સ્થિરતા જરૂરી જણાય છે.

# પશ્ચિમ એશિયામાં શાંતિની આશા સાથે ભારતે ઈરાન-અમેરિકા યુધ્ધવિરામનું સ્વાગત કર્યું

નવી દિલ્હી,તા.૦૮



ભારત સરકારે અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુધ્ધવિરામ કરારને આવકારતા પશ્ચિમ એશિયામાં કાયમી શાંતિની આશા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું કે, ભારત હંમેશા સંવાદ અને રાજદ્વારી માર્ગે સંઘર્ષના અંતનો પક્ષધર રહ્યો છે. આ યુધ્ધવિરામથી વૈશ્વિક ઉર્જા પુરવઠો અને વેપાર નેટવર્ક ફરી પાટા પર આવશે તેવી અપેક્ષા છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સમયમર્યાદાના દોઢ કલાક પહેલા જ આ ઐતિહાસિક જાહેરાત કરી હતી. ઈરાને ૧૦-મુદ્દાની શરતો સાથે હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત માર્ગ આપવા સંમતિ દર્શાવી છે. આ નિર્ણય ભારત માટે અત્યંત મહત્વનો છે, કારણ કે પર્શિયન ગલ્ફમાં હાલમાં ૧૬ ભારતીય જહાજો અને ૪૩૩ ખલાસીઓ ફસાયેલા છે, જે હવે ટૂંક સમયમાં વતન પરત ફરશે.

ટ્રમ્પે આ પ્રક્રિયામાં પાકિસ્તાનના સહયોગનો પણ ઉલ્લેખ કર્યો અને દાવો કર્યો કે અમેરિકાએ પોતાના લશ્કરી ઉદ્દેશ્યો પ્રાપ્ત કરી લીધા છે. આગામી બે અઠવાડિયામાં સમાધાનના પ્રસ્તાવને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે, જેનાથી હોર્મુઝ સ્ટ્રેટમાં નૌકાવિહારની સ્વતંત્રતા પુનઃસ્થાપિત થશે.

# મમતા બેનર્જીએ ભવાનીપુરથી ઉમેદવારી નોંધાવી: શક્તિ પ્રદર્શન સાથે પ્રચારના શ્રીગણેશ

પશ્ચિમ બંગાળ,તા.૦૮



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બુધવારે ભવાનીપુર બેઠક માટે ઉમેદવારી પત્ર ભર્યું હતું. પત્ર ભરતા પહેલા તેમણે વિશાળ પદયાત્રા દ્વારા શક્તિ પ્રદર્શન કર્યું હતું. અલીપોર સર્વે બિલ્ડિંગ સુધીની આ કૂચમાં હજારો સમર્થકો જોડાયા હતા. મમતા બેનર્જીએ ૨૦૨૬ની ચૂંટણીમાં તમામ ૨૯૪ બેઠકો પર જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ભવાનીપુરમાં તેમનો સીધો મુકાબલો ભાજપના સુવેન્દુ અધિકારી સામે છે. વિવિધ સમુદાયો ધરાવતા આ મતવિસ્તારને 'નાનું ભારત' માનવામાં આવે છે, જે હવે આ પ્રતિષ્ઠાભર્યા જંગનું કેન્દ્ર બન્યું છે.

# આરએસએસે માઈક્રો-મેનેજમેન્ટથી પાંચ રાજ્યોની ચૂંટણીમાં ભાજપને મજબૂત કરવાની કરી વ્યૂહરચના

નવી દિલ્હી,તા.૦૮




રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) એ પશ્ચિમ બંગાળ, આસામ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીની આગામી વિધાનસભા ચૂંટણીઓ માટે મજબૂત 'માઈક્રો-મેનેજમેન્ટ' પ્લાન તૈયાર કર્યો છે. સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે યોજાનારી આ ચૂંટણીઓમાં સંઘના તમામ ૩૨ સંગઠનો સક્રિય થયા છે. સંઘના નિષ્ણાંત દિલીપ દેવધરે જણાવ્યું કે, કાર્યકરો 'ચૂંટણી' શબ્દનો પ્રત્યક્ષ ઉપયોગ કર્યા વિના ઘરે-ઘરે જઈને રાષ્ટ્રવાદ અને હિન્દુત્વના એજન્ડા પર ભાર મૂકી રહ્યા છે. આ વ્યૂહરચના હેઠળ, વિશ્વ હિન્દુ પરિષદ અને વિવિધ સાધુ-સંતો પણ મેદાનમાં ઉતર્યા છે. તેઓ બાંગ્લાદેશની વર્તમાન સ્થિતિનો ઉલ્લેખ કરીને હિન્દુઓને સંગઠિત થવા આહવાન કરી રહ્યા છે. કેરળ અને બંગાળ જેવા રાજ્યોમાં સંઘના સ્વયંસેવકો મુસ્લિમ અને ખ્રિસ્તી પરિવારો સુધી પહોંચીને દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ ફેલાવી રહ્યા છે. સંઘનું મુખ્ય લક્ષ્ય મતદાનની ટકાવારી ૭૦% થી ઉપર લઈ જવાનું છે. આ માટે બૂથ મેનેજમેન્ટને અત્યંત મજબૂત કરવામાં આવ્યું છે અને બહાર રહેતા મતદારોને પણ મતદાન માટે વતન પરત ફરવા પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. સ્થાનિક નેતૃત્વને પ્રાધાન્ય આપીને રોજગાર અને ઔદ્યોગિક વિકાસના મુદ્દાઓ પણ ચર્ચાના કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે.

# સબરીમાલા કેસમાં મહિલાઓને અસ્પૃશ્ય ગણવી અશક્ય', જસ્ટિસ નાગરત્નાની મહત્વની ટિપ્પણી

નવી દિલ્હી,તા.૦૮



સુપ્રીમ કોર્ટમાં સબરીમાલા મંદિર અને અન્ય ધાર્મિક સ્થળોએ મહિલાઓ સાથે થતા ભેદભાવ અંગે ૯ ન્યાયાધીશોની બેન્ચ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી. સુનાવણી દરમિયાન જસ્ટિસ બી.વી. નાગરત્નાએ કડક શબ્દોમાં જણાવ્યું કે, કોઈ મહિલાને માસિક ધર્મના કારણે મહિનામાં ત્રણ દિવસ 'અસ્પૃશ્ય' ગણવી અને ચોથા દિવસે તે બંધ થઈ જાય, તે સ્વીકારવું અશક્ય છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે આ પ્રતિબંધ માત્ર વય જૂથ પર આધારિત છે, માસિક ધર્મ પર નહીં. હાલ આ ગંભીર બંધારણીય મુદ્દે સુનાવણી ચાલુ છે.

# મનની શાંતિ જ વિશ્વ શાંતિનો આધાર: ઓસ્ટ્રેલિયન સંસદમાં બાબા બાગેશ્વરનું ઐતિહાસિક પ્રવચન

નવી દિલ્હી,તા.૦૮



બાગેશ્વર ધામ સરકાર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ ૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ ઓસ્ટ્રેલિયન સંસદમાં ઐતિહાસિક ભાષણ આપી સનાતન સંસ્કૃતિનો ધ્વજ લહેરાવ્યો છે. પોતાની ઓસ્ટ્રેલિયા મુલાકાત દરમિયાન તેમણે કેનબેરાના સંસદ ગૃહથી વિશ્વ શાંતિનો પ્રબળ સંદેશ આપ્યો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, જ્યાં સુધી માનવીના મનમાં શાંતિ સ્થાપિત નહીં થાય, ત્યાં સુધી દુનિયામાં શાંતિ આવવી અશક્ય છે. ઈરાન-અમેરિકા સંઘર્ષનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, યુધ્ધએ વિનાશનો માર્ગ છે, જ્યારે સંવાદ એ વિકાસનો માર્ગ છે. જો તમારે પ્રગતિ જોઈએ તો યુધ્ધ નહીં, પણ બુધ્ધને પસંદ કરો. તેમણે સમજાવ્યું કે શાંતિ એ બહાર શોધવાની વસ્તુ નથી, પરંતુ તે આંતરિક સંતોષમાંથી જન્મે છે. જ્યારે વ્યક્તિ અસંતુષ્ટ હોય છે ત્યારે જ તે બેચેન બને છે, પરંતુ સંતોષ પ્રાપ્ત થતાની સાથે જ શાંતિ સ્થાપિત થાય છે. ભારતીય સંસ્કૃતિનો મહિમા કરતા તેમણે ઉમેર્યું કે ભારત સમગ્ર વિશ્વને એક પરિવાર (વસુધૈવ કુટુંબકમ) તરીકે જુએ છે. મહાભારતનું ઉદાહરણ આપતા તેમણે ચેતવણી આપી કે સંઘર્ષથી માત્ર નિરાકરણ જ આવે છે, સમાધાન તો સંવાદથી જ શક્ય છે. ૧૫ એપ્રિલ સુધીના આ પ્રવાસ દરમિયાન તેઓ પર્થ અને સિડનીમાં પણ આધ્યાત્મિક કાર્યક્રમો યોજશે.

# ઈરાનમાં રહેલા ભારતીયો માટે એમ્બેસીની મહત્વની સલાહ: 'તાત્કાલિક દેશ છોડો'

નવી દિલ્હી,તા.૦૮



પશ્ચિમ એશિયામાં મહિનાઓ સુધી ચાલેલા સંઘર્ષ બાદ ઈરાન અને અમેરિકા વચ્ચે યુધ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે. જોકે, વર્તમાન પરિસ્થિતિની ગંભીરતા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે ૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ એક નવી એડવાઈઝરી જારી કરી છે. આ એડવાઈઝરીમાં ઈરાનમાં વસતા તમામ ભારતીય નાગરિકોને શક્ય તેટલી વહેલી તકે દેશ છોડવાની સૂચના આપવામાં આવી છે.

દૂતાવાસે સ્પષ્ટ કર્યું છે કે ૭ એપ્રિલની અગાઉની સલાહ બાદ હવે સ્થિતિને જોતા નાગરિકોએ દૂતાવાસના અધિકારીઓના સીધા સંપર્કમાં રહીને, તેમના દ્વારા નિર્ધારિત સુરક્ષિત માર્ગોનો જ ઉપયોગ કરવો જોઈએ. કોઈપણ ભારતીય નાગરિકે દૂતાવાસની પૂર્વ મંજૂરી કે સંકલન વિના આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરવાનો પ્રયાસ ન કરવા કડક સૂચના અપાઈ છે.

ભારતીય નાગરિકોની સહાયતા માટે દૂતાવાસે નીચે મુજબના ચાર ઈમરજન્સી હેલ્પલાઈન નંબરો જાહેર કર્યા છે: +૯૮૯૧૨૮૧૦૯૧૧૫, +૯૮૯૧૨૮૧૦૯૧૦૨,+૯૮૯૧૨૮૧૦૯૧૦૯,+૯૮૯૯૩૨૧૭૯૩૫૯ ભારત સરકારનું પ્રાથમિક લક્ષ્ય તમામ નાગરિકોને સુરક્ષિત રીતે વતન પરત લાવવાનું છે. કોઈપણ ઈમરજન્સીમાં નાગરિકો ઈમેઈલ દ્વારા પણ સંપર્ક કરી શકે છે.

# ચૂંટણી પંચ અને ટીએમસી નેતાઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી: ડેરેક ઓ'બ્રાયન પર ગેરવર્તનનો આરોપ

નવી દિલ્હી,તા.૦૮



દિલ્હીમાં ટીએમસી પ્રતિનિધિમંડળ અને ચૂંટણી કમિશનર વચ્ચેની બેઠક વિવાદમાં પરિણમી છે. ડેરેક ઓ'બ્રાયન અને સાગરિકા ઘોષ સહિતના નેતાઓએ મતદાર યાદીમાંથી ૯૦.૮૩ લાખ નામો દૂર કરવાના મુદ્દે પંચને રજૂઆત કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠક દરમિયાન ડેરેક ઓ'બ્રાયને કમિશનર પર બૂમ પાડતા વાતાવરણ તંગ બન્યું હતું. ટીએમસીનો આરોપ છે કે માત્ર સાત મિનિટની બેઠક બાદ તેમને નીકળી જવા કહેવાયું હતું. બંગાળની ૨૯૪ બેઠકો પર મતદારોની સંખ્યા ૭.૬૬ કરોડથી ઘટીને ૬.૭૭ કરોડ થઈ છે, જે મામલે વિપક્ષી દળો હવે મુખ્ય ચૂંટણી કમિશનર વિરુધ્ધ હટાવવાની નોટિસ લાવવાની તૈયારી કરી રહ્યા છે. પંચે સ્પષ્ટ કર્યું છે કે બંગાળમાં ચૂંટણી હિંસા અને પ્રલોભન મુક્ત રહેશે.

# નારાયણ સાંઈના છૂટાછેડા મંજૂર: પત્નીને ૨ કરોડ રૂપિયા ભરણપોષણ ચૂકવવા કોર્ટનો આદેશ


ઈન્દોર,તા.૦૮



ઈન્દોર ફેમિલી કોર્ટે આસારામના પુત્ર નારાયણ સાંઈની પત્ની જાનકીની છૂટાછેડાની અરજી મંજૂર કરી છે. ૨૦૧૮માં દાખલ કરેલી આ અરજીમાં જાનકીએ માનસિક ક્રૂરતાના આરોપ લગાવ્યા હતા. કોર્ટે નારાયણ સાંઈને ત્રણ મહિનાની અંદર ૨ કરોડ રૂપિયા કાયમી ભરણપોષણ તરીકે ચૂકવવાનો આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે નારાયણ સાંઈ હાલ બળાત્કારના કેસમાં સુરતની જેલમાં સજા કાપી રહ્યા છે. અગાઉ ભરણપોષણના માસિક ૫૦,૦૦૦ રૂપિયા પણ તેમણે ચૂકવ્યા ન હોવાનું વકીલે જણાવ્યું હતું.

# ગૌતમ અદાણીને યુએસ કોર્ટમાંથી રાહત: છેતરપિંડીનો કેસ રદ કરવાની અરજી પર સુનાવણી થશે

નવી દિલ્હી,તા.૦૮



ન્યૂયોર્કની અદાલતે ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણીને મોટી રાહત આપી છે. યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC) દ્વારા દાખલ કરાયેલ કથિત છેતરપિંડીના કેસને રદ કરવાની તેમની માંગણી પર કોર્ટે સુનાવણીની મંજૂરી આપી છે. અદાણી ગ્રુપ પર સૌર ઊર્જા પ્રોજેક્ટ્સ માટે લાંચ આપવાનો અને રોકાણકારોથી માહિતી છુપાવવાનો આરોપ હતો.

અદાણીના વકીલોએ દલીલ કરી છે કે આ કેસ સંપૂર્ણપણે ભારતીય છે અને અમેરિકન કાયદા અહીં લાગુ પડતા નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે ૨૦૨૪માં બોન્ડની રકમ અને વ્યાજની સંપૂર્ણ ચુકવણી કરવામાં આવી હતી, તેથી રોકાણકારોને કોઈ નુકસાન થયું નથી. હવે પ્રી-મોશન કોન્ફરન્સ નક્કી કરશે કે આ કેસ પ્રારંભિક તબક્કે જ રદ થઈ શકે કે નહીં.

# ઈરાન-અમેરિકા યુધ્ધવિરામ તથા મુઝફ્ફરપુરના રસ્તાઓ પર શિયા સમુદાય દ્વારા વિજયોત્સવ

મુઝફ્ફરપુર,તા.૦૮



ઈરાન અને અમેરિકા વચ્ચે યુધ્ધવિરામની જાહેરાત થતા જ બિહારના મુઝફ્ફરપુરમાં શિયા સમુદાય દ્વારા ભારે ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. શહેરના કામરા મોહલ્લા અને શિયા જામા મસ્જિદ પાસે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. લોકોએ ફટાકડા ફોડી, મીઠાઈઓ વહેંચી અને એકબીજાને ગળે મળીને ખુશી વ્યક્ત કરી હતી. સ્થાનિક શિયા સમુદાયના સભ્યો અને મૌલાના શબાબ રહેબરે આ યુધ્ધવિરામને ઈરાન અને માનવતાનો વિજય ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, ઈરાને અમેરિકા અને ઈઝરાયલના ગૌરવને તોડી પાડીને સાબિત કર્યું છે કે સત્ય ક્યારેય હારતું નથી. લોકોએ આ પ્રસંગને 'ખૈબરના વિજય' સાથે સરખાવ્યો હતો. યુવાનોમાં એવો ઉત્સાહ હતો કે આ અમેરિકન દાદાગીરીનો અંત છે.

જોકે, ઉજવણીની સાથે કેટલાક લોકોએ અમેરિકાની નીતિઓ પર અવિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. સ્થાનિકોએ આશંકા દર્શાવી કે અમેરિકા અગાઉ પણ યુધ્ધવિરામનો ઉપયોગ પોતાની શક્તિ ભેગી કરવા માટે કરતું આવ્યું છે. તેમ છતાં, સૌએ આશા વ્યક્ત કરી હતી કે આ યુધ્ધવિરામથી વિશ્વમાં કાયમી શાંતિ સ્થપાશે અને નિર્દોષ લોકોના જીવ બચશે.

# ઈરાન-અમેરિકા યુધ્ધવિરામ: ચીને કર્યું સ્વાગત, શાંતિ પ્રક્રિયામાં 'રચનાત્મક ભૂમિકા' ભજવવાનો દાવો

બીજીંગ,તા.૦૮



ચીને ઈરાન અને અમેરિકા વચ્ચે થયેલા યુધ્ધવિરામ કરારનું સત્તાવાર રીતે સ્વાગત કર્યું છે. ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે જણાવ્યું કે ચીન હંમેશા શાંતિ વાટાઘાટોની હિમાયત કરતું આવ્યું છે અને ભવિષ્યમાં પણ આ દિશામાં રચનાત્મક ભૂમિકા ભજવતું રહેશે. ઉલ્લેખનીય છે કે, ચીન અને પાકિસ્તાને સંયુક્ત રીતે મધ્ય પૂર્વમાં શાંતિ માટે પાંચ-મુદ્દાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેમાં દુશ્મનાવટનો તાત્કાલિક અંત અને હોર્મુઝ સ્ટ્રેટની સુરક્ષા મુખ્ય હતી.

ડોનાલ્ડ ટ્રમ્પે પણ યુધ્ધવિરામ માટે ચીનના પ્રયાસોનો ઉલ્લેખ કર્યો છે. આ કરાર ચીન માટે આર્થિક દ્રષ્ટિએ અત્યંત મહત્વનો છે, કારણ કે ચીન ઈરાનનું સૌથી મોટું વેપારી ભાગીદાર અને ઈરાની તેલનો મુખ્ય ખરીદનાર છે. હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા તેલ પુરવઠો સામાન્ય થવાથી ચીનને ઉર્જા સુરક્ષામાં મોટી રાહત મળશે.નિષ્ણાંતો માને છે કે સાઉદી-ઈરાન સમજૂતી બાદ આ યુધ્ધવિરામમાં પણ ચીનનો પ્રભાવ વધ્યો છે. આ સ્થિતિ ગલ્ફ દેશોમાં અમેરિકાની સુરક્ષા ગેરંટી પર પુનર્વિચાર કરવા મજબૂર કરી શકે છે અને એક નવું પ્રાદેશિક સુરક્ષા માળખું ઉભરી આવવાની શક્યતા છે.

# સ્કાયમેટની આગાહી મુજબ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આ વર્ષે ચોમાસું નબળું રહેવાની શક્યતા

અમદાવાદ,તા.૦૮

ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા હજુ સત્તાવાર પૂર્વાનુમાન બાકી છે, પરંતુ ખાનગી સંસ્થા 'સ્કાયમેટ વેધર' એ વર્ષ ૨૦૨૬ના ચોમાસા અંગે ચિંતાજનક આગાહી કરી છે. સ્કાયમેટ અનુસાર, આ વર્ષે દેશમાં સરેરાશના માત્ર ૯૪% વરસાદ થવાની સંભાવના છે, જે 'સામાન્યથી નબળું' ગણાય છે.




સ્કાયમેટે જણાવ્યું છે કે ચોમાસાના પ્રથમ તબક્કામાં (જૂન-જુલાઈ) વરસાદ સામાન્ય રહી શકે છે, પરંતુ બીજા તબક્કામાં અલ નીનોની અસર વધતા વરસાદ ઘટશે. મહિના મુજબ અનુમાન જોઈએ તોઃ જૂનઃ ૧૦૧%, જુલાઈઃ ૯૫%, ઓગસ્ટઃ ૯૨%, સપ્ટેમ્બરઃ ૮૯%.

આ આગાહી મુજબ, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની ખાધ વર્તાઈ શકે છે. હાલ પેસિફિક મહાસાગરમાં 'લા નીના'ની સ્થિતિ નબળી પડી રહી છે અને જૂન-ઓગસ્ટ ૨૦૨૬માં 'અલ નીનો' સક્રિય થવાની ૬૨% શક્યતા છે. આ ભૌગોલિક ફેરફારોને કારણે ચોમાસાના ઉત્તરાર્ધમાં વરસાદ ઓછો થવાની અને તાપમાન વધવાની ભીતિ છે.

# અમરેલી સહિત સૌરાષ્ટ્રના શહેરમાં ટિકિટ ફાળવણીને લઈ ચર્ચા ગરમાઈ

ગાંધીનગર,તા.૦૮

રાજયના મુખ્યમંત્રીના નિવાસસ્થાને મળેલી ગુજરાત ભાજપની ચૂંટણી સમિતિની બેઠકમાં સૌરાષ્ટ્ર ઝોનને લઈને ટિકિટ ફાળવણીના મુદ્દે ભારે ખેંચતાણ જોવા મળી રહી છે. ખાસ કરીને અમરેલી, ભાવનગર અને રાજકોટ જેવા મહત્વના વિસ્તારોમાં ઉમેદવારોની પસંદગી મામલે ચર્ચા અત્યંત ગરમાઈ છે.



આ બેઠકમાં દબદબો ધરાવતા પાયાના સ્થાનિક નેતાઓને ફરીથી ટિકિટ આપીને મેદાનમાં ઉતારવા કે પછી પક્ષની પરંપરા મુજબ નવા અને યુવાન ચહેરાઓને તક આપી પ્રયોગ કરવો, તે મુદ્દે ગંભીર મતભેદો ઉભા થયા છે. આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, કેટલાક સ્થળોએ સામાન્ય બેઠકો પર પણ અનામત કેટેગરીના મજબૂત અને પ્રભાવી ઉમેદવારોને તક આપવાની માગણી જોર પકડતા પક્ષ માટે નિર્ણય લેવાની પ્રક્રિયા વધુ જટિલ બની ગઈ છે. આ જટિલતાને ઉકેલવા અને જૂથવાદને ડામવા માટે હવે મામલો હાઈકમાન્ડ સુધી પહોંચ્યો છે. અંતિમ યાદી જાહેર કરતા પહેલા દિલ્હી સ્તરે પણ ગહન ચર્ચાઓ ચાલી રહી છે,

## મહેસાણા મહાનગરપાલિકાની ચૂંટણીને લઈ ગામડાઓમાં વિરોધ અને બહિષ્કારના લાગ્યા બોર્ડ

મહેસાણા,તા.૦૮




મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણી પહેલા જ તાવડિયા અને ઉચરપી જેવા ગામોમાં ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે. ખેડૂતોનો આક્ષેપ છે કે ટીપી સ્કીમ અને રીંગ રોડ જેવા પ્રોજેક્ટ્સને કારણે તેમની કિંમતી ખેતીલાયક જમીન છીનવાઈ રહી છે. જમીન કપાત અને ખેતીના નુકસાનના ડરથી ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કારના બેનરો લગાવી રાજકીય પક્ષોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. વિકાસના નામે થતા વિનાશ સામે ખેડૂતોનો આ આક્રોશ આગામી ચૂંટણી માટે મોટો પડકાર બની શકે છે.

# પક્ષના કડક કાયદાઓને લઈ ભાજપ જ ભાજપને હરાવે તેવી સંભાવના : સાંસદ મનસુખ વસાવા

અમદાવાદ,તા.૦૮

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને રાજકીય માહોલ ગરમાયો છે, પરંતુ આ વખતે ભાજપમાં આંતરિક વિખવાદની સ્થિતિ વધુ ગંભીર જણાઈ રહી છે. ખાસ કરીને પક્ષ દ્વારા જે કડક નિયમો નક્કી કરવામાં આવ્યા છે, જેમ કે ૬૦ વર્ષથી ઉપરની વય, ત્રણ ટર્મ પૂરી કરી હોય તેવા ઉમેદવારો અને પરિવારવાદને પ્રોત્સાહન ન આપવું, તેની સામે પક્ષના પીઢ કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સાંસદ મનસુખ વસાવાએ આ બાબતે ખુલ્લો વિરોધ દર્શાવતા પક્ષની નેતાગીરી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ભાજપને વિપક્ષી પાર્ટીઓ જેમ કે કોંગ્રેસ કે આમ આદમી પાર્ટીનો ડર નથી, પરંતુ પક્ષના પોતાના નિયમો જ પક્ષને હરાવી શકે છે.



મનસુખ વસાવાના મતે, જે પીઢ કાર્યકરો અને નેતાઓ વર્ષોથી પોતાના વિસ્તારમાં પ્રભુત્વ ધરાવે છે, તેમને બાકાત રાખવાથી પાયાના કાર્યકરોમાં નિરાશા જન્મે છે. જો લોકસભા કે વિધાનસભાની ચૂંટણીમાં આવા નિયમો નથી, તો માત્ર સ્થાનિક ચૂંટણીમાં જ આટલી કડક શરતો કેમ રાખવામાં આવી રહી છે? શિસ્તબધ્ધ ગણાતા પક્ષમાં કાર્યકરો જાહેરમાં બોલી શકતા નથી, પરંતુ અંદરખાને તેમની નારાજગી ચૂંટણીના પરિણામો પર અસર કરી શકે છે.

## હાઈકોર્ટનો નકલી ઓર્ડર બનાવી છેતરપિંડી આચરનાર નિવૃત આઈપીએસના પુત્રને સજા

અમદાવાદ,તા.૦૯



ગુજરાત હાઈકોર્ટના નામે નકલી સ્ટે ઓર્ડર બનાવી પાચ લાખની છેતરપિંડી આચરનાર નીરવ જેબલીયાને અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ૩ વર્ષની સદૂષદ કેદની સજા ફટકારી છે. વર્ષ ૨૦૨૧માં એનડીપીએસ (NDPS) કેસમાં સ્ટે ઓર્ડર અપાવવાના બહાને આરોપીએ ફરિયાદી પાસેથી નાણાં પડાવ્યા હતા અને વોટ્સએપ પર લોગો તથા સિક્કાવાળા બોગસ દસ્તાવેજો મોકલ્યા હતા. તપાસમાં ઓર્ડર નકલી હોવાનું ખુલતા સોલા હાઈકોર્ટ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. કોર્ટે ગુનાની ગંભીરતા જોતા આરોપી પ્રત્યે નરમાઈ દાખવવાનો ઈનકાર કરી આ મહત્વનો ચુકાદો આપ્યો છે.

# પંચમહાલના અને દાહોદમાં મીની વાવાઝોડાના કારણે ૩ ના મોત

દાહોદ,તા.૦૮

પંચમહાલ અને દાહોદ જિલ્લામાં મિની વાવાઝોડા સાથે આવેલા વરસાદે વિનાશ વેર્યો છે. શહેરા તાલુકાના છોગાળા ગામના ક્લારીયા ફળિયામાં મોડી રાત્રે ભારે પવનને કારણે એક કાચા મકાનની દીવાલ પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનામાં ૪૨ વર્ષીય દાદી અને તેમના ૭ વર્ષીય પૌત્રનું કાટમાળ નીચે દબાઈ જવાથી કરૂણ મોત નીપજ્યું છે.



ઘટના સમયે મકાનના પતરા હવામાં ઉડી ગયા હતા અને દીવાલ ધસી પડી હતી. પૌત્રનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે દાદીએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. એક જ પરિવારના બે સભ્યોના મોતથી પંથકમાં ગમગીની છવાઈ ગઈ છે. બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે શહેરા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડાયા છે.

બીજી તરફ, દાહોદમાં પણ કુદરતી આફતે એકનો ભોગ લીધો છે. વાવાઝોડા દરમિયાન એક વિશાળ વૃક્ષ ધરાશાયી થઈ બાઈક સવાર યુવક પર પડતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આમ, મિની વાવાઝોડા અને વરસાદે બે અલગ-અલગ જિલ્લાઓમાં ત્રણ જિંદગીઓ છીનવી લીધી છે.

# પાલનપુરમાં તાંત્રિક વિધિના બહાને મહિલા પર વિધર્મી શખ્સાએ સામૂહિક દુષ્કર્મ આચર્યુ

પાલનપુર,તા.૦૮

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાંથી માનવતાને શર્મસાર કરતી એક અત્યંત ગંભીર ઘટના સામે આવી છે. એક પીડિત મહિલાએ પાંચ શખ્સો સામે સામૂહિક દુષ્કર્મ, બ્લેકમેલિંગ અને બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવવાના આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પીડિત મહિલા સ્વાસ્થ્ય



સંબંધી સમસ્યાઓથી પીડાતી હતી, જેનો લાભ લઈને તેના પતિના મુસ્લિમ મિત્રોએ સારવાર અને સહાયના બહાને તેની સાથે નજીકતા વધારી હતી. વિશ્વાસ જીત્યા બાદ મુખ્ય આરોપીએ મહિલાને પોતાની જાળમાં ફસાવી હતી. આ બાબતે દંપતી વચ્ચે અણબનાવ થતા મહિલા તેના પતિથી અલગ થઈ ગઈ હતી. મહિલાનો આક્ષેપ છે કે, આરોપીઓએ તેના અશ્લીલ ફોટા અને વીડિયો બનાવી તેને બ્લેકમેલ કરી વારંવાર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. એટલું જ નહીં, તાંત્રિક વિધિના નામે છેતરપિંડી કરી તેને બળજબરીથી કલમા પઢાવવામાં આવ્યા, બુરખો પહેરાવ્યો અને ઉનાવા દરગાહ ખાતે નમાઝ પઢાવી ધર્મ પરિવર્તન કરવા મજબૂર કરી હતી. આ મામલે અખ્તરશા ફકીર, આરીફ ફકીર, ઈલિયાસ ફકીર, દિલાવરસા જુનેજા અને સાહિલ ફકીર નામના પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## અમદાવાદ પોલીસમાં ૬૦થી વધુ PIની બદલી, નવા અધિકારીઓને નિમણૂંક

અમદાવાદ,તા.૦૮

અમદાવાદ શહેર પોલીસ વિભાગમાં લાંબા સમયથી પ્રતિક્ષિત ૬૦ થી વધુ પોલીસ ઈન્સ્પેક્ટરોની (PI) બદલી અને નિમણૂકના આદેશ જારી કરાયા છે. જેમાં ૧૩ અધિકારીઓની આંતરિક બદલી થઈ છે, જ્યારે ૫૦થી વધુ નવા અધિકારીઓને નિમણૂક મળી છે. આ બદલીની ખાસિયત એ




રહી કે તેમાં કોઈ પણ રાજકીય ભલામણ કે વચેટિયાઓનું 'સેટિંગ' ચાલ્યું નથી. પોલીસ કમિશનરે પારદર્શિતા જાળવીને અધિકારીઓના ટ્રેક રેકોર્ડ અને નિષ્પક્ષતાના આધારે પોસ્ટિંગ આપ્યું છે. વિવાદાસ્પદ અધિકારીઓને 'સાઈડ પોસ્ટિંગ' અપાયા છે, જ્યારે નારોલ અને નવરંગપુરા જેવા ઈન્ચાર્જ શાસિત પોલીસ સ્ટેશનોને કાયમી અધિકારીઓ મળ્યા છે. આ કડક વલણથી નિષ્ઠાવાન અધિકારીઓમાં હર્ષની લાગણી છે.

## અમદાવાદ AMCની કડક કાર્યવાહી: ૨૪૪ કિલો શંકાસ્પદ પનીર જપ્ત

અમદાવાદ,તા.૦૮

અમદાવાદ શહેરીજનોના આરોગ્ય સાથે ચેડાં કરતા ખાદ્ય એકમો સામે AMCના આરોગ્ય વિભાગે લાલ આંખ કરી છે. ગોતા અને નરોડાની ડેરીઓમાંથી ૨૪૪ કિલો શંકાસ્પદ પનીર જપ્ત કરી નમૂના લેબોરેટરીમાં મોકલાયા છે. પનીરના નામે 'એનાલોગ પનીર' વાપરવા અને રસોડામાં ભારે ગંદકી બદલ 'પંજાબ દી મહેક' અને 'ભૈરવનાથ પંજાબી




તડકા' જેવા એકમોને સીલ કરવામાં આવ્યા છે. ફૂડ વિભાગે કુલ ૪૫૨ એકમોની તપાસ કરી ૨૩૫ને નોટિસ ફટકારી છે અને ૧.૫૨ લાખ રૂપિયાનો વહીવટી ચાર્જ વસૂલ્યો છે.

## અમદાવાદ મનપાની ચૂંટણીમાં કોંગ્રેસની પ્રથમ યાદીમાં મોટાભાગના ઉમેદવારોને બદલવા પડે તેવી સ્થિતિ

અમદાવાદ,તા.૦૯

ગુજરાત કોંગ્રેસે AMC ચૂંટણી માટે ૯૨ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે, પરંતુ તેમાં ગંભીર તકનીકી ખામીઓ સામે આવતા વિવાદ સર્જાયો છે. ચાંદલોડિયા, ઈન્દ્રપુરી અને નવરંગપુરા વોર્ડના કેટલાક ઉમેદવારોના નામ કોર્પોરેશનની વર્તમાન મતદાર યાદીમાં જોવા મળતા નથી. નિયમ મુજબ,



મતદાર યાદીમાં નામ વગર ઉમેદવારી ફોર્મ સ્વીકારી શકાતું નથી, જેના કારણે પાર્ટીએ છેલ્લી ઘડીએ ઉમેદવારો બદલવા પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. ૬ એપ્રિલથી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને ૧૧ એપ્રિલ અંતિમ તારીખ છે. કાર્યકરો આ છબરડાને 'અંધેરી નગરી' જેવી સ્થિતિ ગણાવી રહ્યા છે. પ્રાથમિક તપાસ વગર જ યાદી જાહેર થતા કોંગ્રેસના આંતરિક આયોજન અને સંકલન પર ગંભીર સવાલો ઊઠ્યા છે.






## IPS મનોજ નિનામાનું રાજીનામું: 'ખાખી' છોડી હવે 'ખાદી' ધારણ કરી રાજકારણમાં જોડાશે

અમદાવાદ,તા.૦૮

ગુજરાતમાં ચૂંટણીના માહોલ વચ્ચે ૨૦૦૬ની બેચના આઈપીએસ (IPS) અધિકારી મનોજ નિનામાએ સ્વૈચ્છિક રાજીનામું આપ્યું છે, જેનો રાજ્ય સરકારે તાત્કાલિક સ્વીકાર કર્યો છે. ટ્રાફિક બ્રાન્ચમાં IG તરીકે ફરજ બજાવતા નિનામા હવે સક્રિય રાજકારણમાં જોડાય તેવી પ્રબળ શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેઓ અરવલ્લી જિલ્લાની ઓડ બેઠક પરથી ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી શકે છે. ૪૨ વર્ષની પોલીસ સેવા માંથી



નિવૃત્તિ લેતા તેમણે જણાવ્યું કે, તેઓ સમાજનું ઋણ ચૂકવવા નવી જવાબદારી સ્વીકારશે. અરવલ્લી પંથકમાં તેમનો પ્રભાવ જોતા, તેમનો રાજકીય પ્રવેશ આગામી ચૂંટણીના સમીકરણોમાં મોટો ફેરફાર લાવી શકે છે.